પ્રકાશિત દર માસની ૧૦ તારીખે
વાર્ષિક લવાજમ રૂ. ૫૦/-

હરિઃ ૐ

# હરિભાવ

વર્ષ : ૧૭ - અંક : ૯

જૂન, ૨૦૧૩



(અનુષ્ટુપ)

ખાલી ખાલી નકામો તે, સદ્‌ગુરુ કરવાતણો
-જીવનમાં રહેતો ના, કશો અર્થ મહત્ત્વનો,
સદ્‌ગુરુ જો કરેલા છે, કિંતુ દિનચર્યા વિષે
-જેની યાદ ન જાગે છે, મિથ્યા કર્યા પ્રમાણજે.

કદીક યાદ જાગે છે, કિંતુ જેમાં ન પ્રાણ છે,
ન તેવી યાદમાં ઊંડી, ઉષ્મા લાગણીની ન છે,
સદ્‌ગુરુ દિલ તાદૃશ, જે યાદે કૈં થતા ન છે,
તો તેવી યાદ મિથ્યા છે, શ્રેયદાયી ન જીવને.

- શ્રીમોટા

'શ્રીસદ્‌ગુરુ', પ્ર. આ., પૃ. ૧૬૨



જીવને જ્ઞાનીનું ઓળખાણ પ્રત્યક્ષ વર્તમાનમાં થતું નથી. પછવાડેથી જીવો તેની પ્રતિમાને પૂજે. અજ્ઞાની ગુરુઓએ લોકોને અવળે માર્ગે ચઢાવી દીધા છે. અવળું ઝલાવી દીધું છે. તેઓના સંગથી આ કાળમાં અંધકાર થઈ ગયો છે.

- શ્રીમદ્ રાજચંદ્ર

'શ્રીમદ્ રાજચંદ્ર ભાગ-૩', પૃ. ૭૨૨

રજિ. ઑફિસ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : (૦૭૯) ૨૬૬૨૦૭૫૪

**'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર**

# હરિભાવ

સંપાદક : **પ્રભુદાસ જાની**
સહાયક : **વિવેક દેસાઈ**

**ટ્રસ્ટીમંડળ**

શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રીમતી નીમા મિનેષ અમીન
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રી પ્રભુદાસ જાની

**'હરિભાવ' અંગે**

૧. 'હરિભાવ' દર મહિનાની દસ તારીખે રવાના કરાય છે.
૨. લવાજમ/ભેટની રકમ **'હરિવાણી ટ્રસ્ટ'**ના નામે ચેક/ડી.ડી./મ.ઑ./રોકડેથી નીચેના સરનામે મોકલવી. ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.

**લવાજમ**

| | ભારત | પરદેશ (ઍરમેઈલથી) |
|---|---|---|
| વાર્ષિક | રૂ. ૫૦/- | રૂ. ૬૦૦/- |
| આજીવન | રૂ. ૫૦૦/- | રૂ. ૬૦૦૦/- |

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**

'હરિવાણી ટ્રસ્ટ'
૧૧, દાદા રોકડનાથ સોસાયટી,
નારાયણનગર, છેલ્લા બસ સ્ટૅન્ડ પાસે,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩

**ઈ-બૅંકિંગ માટે :**

ખાતાનું નામ : **હરિવાણી ટ્રસ્ટ**
સેવિંગ્સ ખાતા નં.: **૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે તરત જ મોકલવા વિનંતી છે.

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, (૦૭૯)૨૭૫૪૩૬૯૯**

* Subject to Ahmedabad Jurisdiction

**વર્ષ : ૧૭ અંક : ૯ જૂન, ૨૦૧૩**

## અનુક્રમ

૧. જેલમાં જવાનો મારો હેતુ 'સાધના'નો હતો .... શ્રીમોટા ૪
૨. પૂજ્ય શ્રીમોટાનો ૭૫મો સાક્ષાત્કારદિન સમૂહ અમૃત મહોત્સવ - ટૂંક અહેવાલ ......... ટ્રસ્ટીમંડળ ૫
૩. નાવડીના સહારાની સભાનતા .................. શ્રીમોટા ૬
૪. અખાની કાવ્યકૃતિઓ ........................ કવિ અખા ૭
૫. શ્વસનેન્દ્રિયો ...........................સ્વામી કૃપાલ્વાનંદ ૯
૬. પ્રસન્નતા .......................................શ્રીમોટા ૧૧
૭. પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ (૩)....ડૉ. અનિલભાઈ ૧૩
૮. મૌલિક કાર્યો.....................................શ્રીમોટા ૧૬
૯. ભગવાન નિત્યાનંદ.......................સ્વામી મુક્તાનંદ ૧૮
૧૦. અમારા સંસારમાં તમને પ્રેમભર્યાં નિમંત્રણ છે......શ્રીમોટા ૨૧
૧૧. શ્રીમોટાએ મારા પિતાજીનો હેડકીનો રોગ હર્યો હતો .......................પ્રવીણ મોહનલાલ દેસાઈ ૨૩
૧૨. 'સંકલ્પ શુદ્ધિ' : એક મહાન સાધના................શ્રીમોટા ૨૪
૧૩. મૌનાર્થીનું નિવેદન (૧).....ગીતાબહેન બાલુભાઈ ઠોરીયા ૨૫
(૨).....મીનાક્ષી પ્રભાકર ચેવલી

## જ્ઞાનદાન

પૂજ્ય શ્રીમોટાના સ્વજન શ્રી શાંતિભાઈ એન. પટેલ રહેવાસી બાવળા હાલ અમદાવાદ તરફથી તેઓશ્રીના સદ્‌ગત **દાદાજી માધવલાલ મૂળજીભાઈ પટેલ**ના સ્મરણાર્થે 'હરિભાવ'ના આ અંકના પ્રકાશનમાં સહયોગ અપાયો છે, તે બદલ એ પરિવારના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

**-સંપાદક**

## (૧) જેલમાં જવાનો મારો હેતુ 'સાધના'નો હતો

- શ્રીમોટા

અભય કેળવવાની જેમ જરૂર છે તેમ જ્ઞાનભક્તિયુક્ત નમ્રતા પણ કેળવવાની એટલી જ જરૂર છે. ગીતાજીના ૧૬મા અધ્યાયમાં જે ગુણસમૃદ્ધિનું વર્ણન છે, તેમાં સૌથી પ્રથમ અભય છે અને સૌથી છેલ્લું લક્ષણ નમ્રતા છે. તે પણ મારી સમજણની દૃષ્ટિએ સૂચક છે. પૂરેપૂરો અભયનો ભાવ કેળવાયા વિના ને જીવનવિકાસને યોગ્ય જ્ઞાનભક્તિપૂર્વકની નમ્રતા કેળવાયા વિના બીજા ગુણોની શક્તિનું પ્રાગટ્ય થયું શક્ય નથી.

આ જીવ કદી પણ આપણી મહાસભાનો (કૉંગ્રેસનો) સભાસદ થયેલો નથી પણ તેણે, પ્રેમથી ૧૯૩૦ના આપણા રાષ્ટ્રીય યુદ્ધમાં પૂરેપૂરું ઝંપલાવ્યું, ત્યારે અભય કેળવવાને માટે જ નહિ, પરંતુ અભય કેટલો ને કેવો કેળવાયો છે, તેનો અનુભવ કરવાને માટે, તે સંગ્રામમાં પ્રભુકૃપાથી ઝુકાવવાનું બન્યું હતું.

બોરસદ પાસે દેવાણના ઠાકોરે છેતરપિંડી કરી સ્વયંસેવકોને પોતાને ગામ જમવા માટે નોતરી, રાતે ગામ વચ્ચેના ચોકમાં જાહેર ભાષણ ગોઠવાવી, ભાષણ અર્ધું થતાં બત્તીઓ વગેરે ઓલવી નખાવી ચારેબાજુથી ઘેરી સ્વયંસેવકો પર લાકડીઓના ભયંકર માર મરાવવાનું કર્યું, ત્યારે પ્રભુકૃપાથી આ જીવ મોટેથી હરિસ્મરણ કરતાં કરતાં લાઠીના ઘા ઝીલતો હતો અને ત્યાંથી એક ડગલું પણ ખસ્યો ન હતો, તે પ્રસંગના પ્રત્યક્ષ જોનાર ને જાણનાર જીવો આજે પણ હયાત છે.

સને ૧૯૩૦ના સંગ્રામમાં આવા તો કેટલાય બનાવો બનેલા છે **અને જેલમાં જવાનું પણ એકમાત્ર સાધનાના હેતુથી જ બનેલું.** મારી મા મને કદી પણ લાંબા સમય માટે દૂર એકાંતમાં સાધનાને સારુ જવા માટે આશીર્વાદ ના આપે, પરંતુ જ્યારે આ ૧૯૩૦નો સંગ્રામ પ્રગટ્યો ત્યારે મેં મારી માને કહ્યું કે 'બા ! આ તો લૂણ હલાલ કરવાનો સમય પાક્યો છે. જેનું આપણે લૂણ ખાધું, તે લૂણ અત્યારે હવે દેશની સામે અમને ખુમારીથી યુદ્ધમાં જોડાવાને પડકાર આપે છે, અત્યારે અમારાથી હવે ટગર ટગર ખાલી જોઈને બેસી રહેવાય નહિ. માટે તું મને સંમતિ આપ અને પ્રભુકૃપાથી સંસાર વહેવારનું ખર્ચખૂટણ બધું, ચાલી શકે એવી વ્યવસ્થા તો બની જશે.' તે પછી તેણે મને બહુ ઉમળકાથી તો નહિ, પણ જેમ તેમ કરીને રજા તો આપી. આ અંગેની મારી ઑફિસના કામકાજની વ્યવસ્થા માટે તે સમયે ભાઈ પરિક્ષિતલાલને મેં લખી જણાવેલું ને આર્થિક બાબતની પણ વ્યવસ્થા કરી હતી. **જેલમાં જવાનો હેતુ એકમાત્ર ત્યારે પણ સાધનાનો જ હતો.**

જેલમાં સતત મૌન પાળતો, કોઈની પણ સાથે બોલતો કરતો નહિ અને તમારા જેવા જેલમાં સાથે રહેલા ત્યારે પણ બોલવાનું થતું નહિ. હું મારાં સ્મરણ, ધ્યાન, પ્રાર્થના આદિના કાર્યમાં મશગૂલ રહ્યા કરતો. જેલનું આપેલું કામકાજ કરવામાં પ્રેમભક્તિથી ઉમળકો બતાવ્યા કરતો. જેલમાં આપણામાંનું ઘણાનું પોત સાવ ઉઘાડું પડી જતું. તેઓ એટલા બધા પ્રકારની છેતરપિંડી કરતા અને પ્રપંચ ચલાવતા કે તે જોઈને જ મને તો થયેલું કે આવા લોક અહિંસાનો ભાવ શી રીતે રાખી શકે ? એવી શક્યતા જ તેમનામાં હતી નહિ એમ લાગ્યું હતું. ❑

'જીવન દર્શન',પ્ર.આ., પૃ.૫૪

## (૨) પૂજ્ય શ્રીમોટાનો ૭૫મો સાક્ષાત્કારદિન સમૂહ અમૃત મહોત્સવ - ટૂંક અહેવાલ

**-ટ્રસ્ટીમંડળ હરિઃૐ આશ્રમ, સુરત**

પૂજ્ય શ્રીમોટાનો ૭૫મો સાક્ષાત્કારદિન - રામનવમી સમૂહ અમૃત મહોત્સવ તા. ૨૦ અને તા. ૨૧ એપ્રિલ, ૨૦૧૩ના રોજ એકંદરે ચારેક હજાર સ્વજનોની ઉત્સાહપ્રેરક ઉપસ્થિતિમાં સારી રીતે ઊજવાઈ ગયો. કાર્યક્રમની શરૂઆત કુ. ચૈતા બીમલ મિસ્ત્રીના આરંગેત્રમ ગણેશ વંદનાથી કરવામાં આવી હતી. આશ્રમ દ્વારા બાળકોમાં વકતૃત્વ અને નિબંધ સ્પર્ધાઓ યોજાય છે, તેમાં પ્રથમ ક્રમાંકનાં દસેક બાળકોએ ઉપસ્થિત મેદની સમક્ષ પૂજ્ય શ્રીમોટાના જીવનના વિવિધ પ્રસંગોને કેંદ્રમાં રાખી વક્તવ્યો સુંદર રીતે રજૂ કર્યાં હતાં. ઉપરાંત, આહવા - ડાંગના વિસ્તારની શાળાના વિદ્યાર્થીઓએ ડાંગી નૃત્યની ત્રણેક કૃતિઓ રજૂ કરી હતી. આશ્રમ તરફથી સર્વની કદર કરી પ્રોત્સાહન સ્વરૂપે આર્થિક પારિતોષિક અર્પણ કરવામાં આવ્યાં હતાં. પૂજ્ય શ્રીરંગ અવધૂતજીના શિષ્ય શ્રી જગદીશાનંદજીએ પ્રભુમય - ભાવનામય જીવન જીવવા અંગે અને વાણી-વર્તનમાં યોગ્ય કાળજીથી કર્મબંધનને જે રીતે ટાળી શકાય તે અંગે સંબોધન કર્યું હતું.

તા. ૨૧મીએ સવારે નામસ્મરણ, નિત્યપ્રાર્થના અને ભજનો દ્વારા વાતાવરણ ભક્તિમય બનતાં પૂજ્ય શ્રીમોટાની સૂક્ષ્મ હાજરીની અનુભૂતિ સર્વને થઈ રહી હતી. સાતેક દાયકાની ઉંમરવાળા ડૉ. બિપીનભાઈ દેસાઈ, શ્રીમતી ગીતાબહેન દેસાઈ અને ઉદ્યોગવીર શ્રી રાજન શાહ અને વનમાંથી પસાર થતી ઉંમરના ડૉ. આનંદ વૈદ્યને તેમના વિરલ સાહસ માટે બિરદાવવામાં આવ્યા હતા. સઢવાળી હોડીમાં સુરતથી લક્ષદીપ અને પરતની અંદાજે ૧૭૦૦ નોટિકલ માઈલ એટલે ૩૦૦૦ કિ.મિ. જેવી દરિયાઈ સફરનું સાહસ તેઓએ પૂર્ણ કરેલ. માત્ર ૧૨ વર્ષની ઉંમરે શ્રી જશન નીલેશ શાહે દરિયાના ઊંડાણમાં ૫૦થી વધુ ડૂબકીઓ લગાવીને જુનિયર સ્કૂબા ડાઈવર (દરિયાના પેટાળમાં ડૂબકી લગાડનાર)નું પ્રથમ સ્થાન મેળવેલ છે. તે ઉપરાંત, ચીનમાં ૨૩૩ મિટર ઊંચા ટાવર પરથી બંગી જમ્પની રમતમાં છલાંગ લગાવીને વિશ્વનાં પ્રથમ દસ બાળકોમાં સ્થાન મેળવેલ છે. આ સાહસવીરોને પુરસ્કાર, ટ્રૉફી તથા કૅશ એવૉર્ડથી સંમાનિત કરાયા હતા. મહર્ષિ અરવિંદના સાહિત્યના પ્રખર અભ્યાસુ એવાં સુ. શ્રી જ્યોતિબહેન થાનકીએ પૂજ્ય શ્રીમોટાના જીવન અને સંદેશ વિશે સમજ આપતું ઉદ્‌બોધન કર્યું હતું.

ટ્રસ્ટીમંડળ તરફથી ૨૦૧૨ - ૨૦૧૩નો વાર્ષિક અહેવાલ રજૂ કરાયો હતો. વર્ષ દરમિયાન ૪૦૦ જેવા સ્વજનોએ મૌન અનુષ્ઠાન કરેલાં છે. પુસ્તક પ્રકાશનમાં ગુજરાતી અને હિંદીમાં અનુવાદિત વીસેક પુસ્તકોની કુલ ૪૩,૦૦૦ પ્રત સ્વજનોને ઉપલબ્ધ કરવામાં આવી છે.

ભજનો - ધૂન - પ્રવચનો - ગઝલો વગેરેની જે વીડીઓ - સીડી ઉપલબ્ધ છે, તેની વિગતો જણાવાઈ હતી. શિક્ષણના ઓરડાઓ, છાત્રાલય - ભોજનાલય - શૌચાલયની સુવિધાઓ માટે અનુદાન અપાયાં છે. વીરનર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને પર્યાવરણ જાળવણી અંગે ‘શ્રીમોટા વાટિકા’ ના પ્રૉજેક્ટ માટે રૂ. સાત લાખનું અનુદાન ઉલ્લેખનીય છે. સમૂહ અમૃત મહોત્સવ સમિતિ દ્વારા રૂ. એક કરોડ દસ લાખનાં દાન/ભેટ મેળવાયાં છે. જે હાલ બૅંકમાં એફ. ડી. સ્વરૂપે રખાયેલ છે.

આ દાન/ભેટ માટે સર્વ સહયોગીઓનો અને પુસ્તક પ્રકાશનમાં સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદના શ્રી શ્રેયસ વિષ્ણુપ્રસાદ પંડ્યાનો, તેમ જ આશ્રમના દરેક કાર્યમાં, પુસ્તક મેળામાં સાથ-સહકાર આપતા સર્વનો, અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ❑

## (૩) નાવડીના સહારાની સભાનતા

**- શ્રીમોટા**

*( આ પત્ર પુષ્પાબહેન દલાલને લખાયેલો છે.)*

તારું નામસ્મરણ બરાબર ચાલતું નથી. હજી મનના તરંગોમાં ઘણું ભરાઈ પડવાનું બને છે. મન તો અનેક તુક્કાઓ ઉઠાવે, પરંતુ આપણે જો સભાન નહિ રહીએ તો વહાણ ખરાબે ચડવાનું છે.

સમુદ્રનાં મોજાં ઊછળે છે, પડે છે અને મોજાંની ભરતીઓટ થયા જ કરે છે. જ્યાં સુધી આપણને નાવ મળી નથી ત્યાં સુધી તેની તેની સાથે આપણી પણ ભરતીઓટ થયા કરવાની. જો નાવ મળી છે એવો મનહૃદયથી દૃઢ વિશ્વાસ જાગી જાય તો મોજાંઓ, હિલોળા, છોળો ચડતી ઊતરતી જણાયા કરે તેમ છતાં નાવડીમાં છીએ એવું એનું મનમાં ભાન હોવાથી મોજાંની છોળોનું ઊછળવાપણું કે તેનું પાછા પડવાપણું એ બંને ક્રિયાથી આપણને કશો થડકારો થતો નથી. એટલે **નાવડી મળ્યાનું ભાન આપણને ઘણું જરૂરનું છે.**

જ્યારે જ્યારે વિચારરૂપી મોજાંની પ્રચંડ છોળો અફળાય ત્યારે ત્યારે નાવડીમાં છીએ એવું જીવતુંજાગતું જ્ઞાનભાન મનમાં પ્રગટ્યા કરે તો તો વાંધો ના આવે. **કેટલીક વાર તને એવા વિચાર થાય છે અને આવે છે કે જેથી અમારા જેવાને પણ આંચકા લાગે. માટે સાવધ રહેવું.**

ભગવાનના નામસ્મરણની ધૂન પ્રગટાવી, એ ધૂનની મસ્તીમાં શ્રીપ્રભુપ્રીત્યર્થે સકળ કર્મ યજ્ઞભાવે કર્યા કરી તેને પાછાં જ્ઞાનભક્તિપૂર્વક સમર્પણ કર્યા કરવાં. જો ભગવાનને પંથે જવું છે તો આવું કર્યા વિના આરો નથી. અમારી સોબત પણ પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકની પળે પળ જીવતી રહે તો જ ચાલી શકે. **ભગવાન હજાર હાથવાળો છે. તેને જે તે બધું સોંપ્યા કરવાનું જ્ઞાનયુક્ત ભાન રાખે તો તે બધું સંભાળે તેવો છે.**

સોંપવાનો અર્થ એવો છે કે તે સોંપ્યા પછી તે અંગેનો કશો પણ આપણને વિચાર ના થાય. સાવ

મદ્રાસ, તા.૫-૭-૧૯૫૧

નિરાંતપણું આપણે અનુભવી શકીએ. સંસાર વહેવારનાં કર્મમાં પણ આપણે એને જ રાજી રાખવાને જે તે બધું કરીએ અને એમ એની ભાવનામાં નિશદિન તરબોળ રહ્યા કરીએ તો જ શ્રીપ્રભુની લગની લાગવાની છે, તે વિના નહિ.

**આ જીવ સાથેનો સંબંધ એ જીવનવિકાસની ભાવનાને કેળવવા, દૃઢાવવા અને અનુભવવા કાજેનો તે સંબંધ છે.** જીવનને બીજી રીતે વપરાવી દેવા કાજે તે સંબંધનો કશો અર્થ નથી. જો આ જીવના સંબંધથી કરી જીવન અંગેની ભાવના અને સમજણ જીવનના યોગ્ય વર્તનમાં ન ઉતારી શકાય અથવા તો એવી આંતરિક પ્રેરણા અને સહાનુભૂતિ મળ્યા કરતી ન લાગે તો પોતે ઊભા રહીને વિચારવું.

આ જીવ અંગે બિલકુલ અતિશયોક્તિ વિના ગણિતશાસ્ત્રની દૃષ્ટિએ જેમ એક ને એક બે થાય છે, તેવી સ્પષ્ટ હકીકતના ભાનથી તને લખવાનું છે કે મારામાં પ્રભુકૃપાથી જે કંઈ ચેતન રહેલું હોય, તેવા ચેતનપણાના અમુક અમુક સ્પષ્ટ અને નકારી ન શકાય એવા દાખલાઓ જીવનમાં બનેલા છે. એવા કેટલાય અનુભવ હોય કે જેના ખ્યાલથી જરૂર એમ કહી શકાય કે આવું આવું થવું કે હોવું એ જીવનના આધ્યાત્મિક ક્ષેત્ર ઉપર ચેતનની અમુક કક્ષાના પ્રમાણમાં તેમ હોઈ શકે.

જગતમાં જે જે સ્વજનો મળેલાં છે કે મળશે, તેમને તેમને જીવનની સાથે એકરાગ કરવાને પ્રભુકૃપાથી મથાવવાનું બને છે.

એ કળા શ્રીભગવાનની કૃપા-બક્ષિસ છે. અમને એમ લાગ્યું છે કે જો કોઈ પણ એક જીવ મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહંકારથી કરી અમારામાં એકરાગ થઈ જશે તો તેવાના જીવનમાં પણ તેવા અંકુર ફૂટવાના છે. ❑

'જીવન મંડાણ', બી.આ.,પૃ.૩૪

## (૪) અખાની કાવ્યકૃતિઓ

- કવિ અખા

**દેહાભિમાન હતો પાશેર, તે વિદ્યા ભણતાં વાધ્યો શેર,**
**ચર્ચા-વાદમાં તોલે થયો, ગુરુ થયો ત્યારે મણમાં ગયો,**
**અખા એમ હલકાથી ભારે હોય, આતમજ્ઞાન મૂળગું ખોય.**

દેહાભિમાનને કારણે જેનું વજન પાશેર હતું, તે વિદ્યા મેળવ્યા પછી વધીને એક શેર વજનનો થયો. ચર્ચા-વાદવિવાદ કરવા લાગ્યો ત્યારે દસ શેર વજનનો થયો અને ગુરુ થયા પછી તો એક મણ - ચાળીસ શેરનો થઈ ગયો. આ રીતે હળવામાંથી ભારે થતાં અભિમાન વધતાં, આત્મજ્ઞાન સમૂળગું ગુમાવી બેસે છે.

**લીલા વૃક્ષને ઓથે રહે, જયમ પારધી પશુને ગ્રહે,**
**એમ હરિને ઓથે ધૂર્ત ઘણા, ઉપાય કરે કનક કામિનીતણા,**
**અખા એ ગુરુ શું મૂકે પાર જેના શિષ્ય ગર્દભ ને ગુરુ કુંભાર ?**

લીલા વૃક્ષની પાછળ છુપાઈને શિકારી પશુને પકડે છે, તેવી .રીતે હરિના નામે ઘણા ધુતારા - ગુરુ, લોકોને છેતરી કનક અને કામિની મેળવવા પ્રયત્ન કરે છે. આવા કુંભાર જેવા ગુરુ, ગધેડા જેવા બુદ્ધિહીન શિષ્યોને શી રીતે પાર ઉતારશે - મુક્ત કરશે ?

**મુંડ મુંડાવ્યું હરિને કાજ, લોક પૂજે ને કહે મહારાજ,**
**મન જાણે હરિએ કૃપા કરી, માયામાં લપટાણો ફરી,**
**સૌને મન તે કરે કલ્યાણ, અખા એને હરિ મળવાની હાણ.**

હરિ મેળવવા માથું મુંડાવી સંન્યાસી બની ગયો. લોકો તેની પૂજા કરવા લાગ્યા એટલે એણે મનમાં ધારી લીધું કે હરિએ કૃપા કરી છે. સૌને મન એમ કે એ કલ્યાણ કરશે પણ એને પોતાને જ હરિ મળવાના વખા - વાંધા હોય છે.

**અખા બ્રહ્મ છે બાધું નામ, તે મધ્યે અળગાં અળગાં ગામ,**
**જયમ બાધું જોતાં એક જ ઝાડ, વિગતે જોતાં ભાગે જાડ્ય,**
**રંગ, સ્વાદ, પત્ર, ફળ, ફૂલ, સદ્‌ગુરુ મળે તો ભાગે ભૂલ.**

બ્રહ્મ તો સમગ્ર વિસ્તારનું નામ છે. ઝાડ આખું દેખાય છે પણ વિગતવાર જોતાં રંગ, સ્વાદ, પત્ર, ફળ, ફૂલ - નજરે પડે છે. જો સદ્‌ગુરુ મળે તો અલગ અલગ જોવાની ભેદબુદ્ધિ ભાગે છે.

**અહંકૃતિ તજી સ્મરણ કરો, મન-વચન-કર્મ હરિ વડે આદરો,**
**ગવરાવ્યા જશ હરિના ગાઓ, હરિના છો ને હરિના થાઓ,**
**અહંકૃતે અણછતા ન થયા, છતાં ધણીથી છેટા રહ્યા.**

અહંકાર તજી હરિનું સ્મરણ કરો, મન વચન કર્મ હરિ વડે જ છે, હરિના જશ હરિ જ ગવડાવે છે એમ માની હરિના છો ને હરિમય થાઓ. અહંકારને લીધે અણછતા-દેહભાવને જીવભાવથી મુક્ત-નથી થયા. છતાં ધણીથી (પ્રત્યક્ષ હરિથી) તમે વેગળા રહ્યા છો.

**મોટી તાણ છે પંથ જ તણી, નથી જૂજવા એક છે ધણી,**
**પોતાના ઈષ્ટની પાળવી ટેક, સકળ ઈષ્ટનો અધિપતિ એક,**
**જેમ રાજા એક ને પ્રજા જૂજવી, અખો એ રીતે જુએ અનુભવી.**

જુદા જુદા પંથોની ખેંચાખેંચી જબરી છે. પંથ ભલે જુદા હોય પણ ધણી - ઈશ્વર એક જ છે - દરેક પંથે પોતાના ઈષ્ટદેવને વળગી રહેવાનું હોય. જેમ રાજા એક ને પ્રજા જુદી જુદી હોય તે રીતે અનુભવી જુએ છે.

**પૂર્ણાનંદ તો પૂર્ણ દયાળ, સર્વ જીવની કરે સંભાળ,**
**દયા સારુ જે દશ અવતાર, અસુરનિકંદન, ભક્ત ઉદ્ધાર,**
**દયાએ કીધું ગીતા ભાગવત, દયા કરી સરજાવ્યા સંત,**
**દયા સારુ દાખવ્યા ધર્મ, અખા હરિનો મોટો મર્મ.**

પૂર્ણાનંદ પરમાત્મા પૂરેપૂરો દયાળુ છે. તે સર્વ જીવની સંભાળ રાખે છે. અજ્ઞાની જીવો ઉપર દયા કરવા માટે તેણે દસ અવતાર લીધા છે ને અસુરોનો નાશ કરી ભક્તોનો ઉદ્ધાર કર્યો છે. દયાને લીધે તેણે ભગવદ્‌ગીતા અને ભાગવત જેવા ગ્રંથો અને સંતોનું સર્જન કર્યું છે. દયા કરીને ધર્મ દાખવ્યા છે. હરિનો માર્ગ એવો મોટો કલ્યાણકારી છે. ❑

'અખાની કાવ્યકૃતિઓ', બી.આ., પૃ. ૬૫૨, ૬૫૫, ૬૫૯, ૬૬૯, ૬૮૦, ૬૮૬, ૭૦૯

## ગયેલા આત્માને...

'હરિવાણી ટ્રસ્ટ'ના પ્રારંભથી ટ્રસ્ટની હિસાબી કામગીરી નિયમિત રીતે ખંત અને નિષ્ઠાથી સંભાળનાર અને મહેનતાણાની જે તે વેતનથી સદાય સંતુષ્ઠ રહેનાર **શ્રી મહેન્દ્રભાઈ તલકચંદ શાહ**નો ૬૮ વર્ષની વયે અમદાવાદ મુકામે દેહાંત થયો છે. તેઓએ ચક્ષુદાન કરેલું છે. એચ.કે. આર્ટ્સ કૉલેજમાં લાઈબ્રેરિયન તરીકે કારકીર્દિ શરૂ કરી, મૅનેજમેન્ટના વિશ્વાસુ અને પ્રીતિપાત્ર રહેલા. 'હરિવાણી ટ્રસ્ટ'ની હિસાબી કામગીરીમાં તેઓના કારણે ટ્રસ્ટીમંડળ નિશ્ચિંતતા અનુભવતું હતું. ઑડિટ પણ સરળતાથી પૂર્ણ થતું હતું. સદ્‌ગતના આત્માને શ્રીહરિ ચિર શાંતિ અર્પે એવી પ્રાર્થના છે.

**-સંપાદક**

## (૫) શ્વસનેન્દ્રિયો

- સ્વામી કૃપાલ્વાનંદ

જીવંત શરીર અને શબમાં ભેદ એ પ્રકારનો છે કે **જીવંત શરીરમાં શક્તિ અને ઉષ્મા હોય છે, પરંતુ શબમાં શક્તિ કે ઉષ્મા હોતાં નથી.** શરીરમાં આ શક્તિ અને ઉષ્મા શી રીતે ઉત્પન્ન થાય છે ? અન્નરસમાંના કાર્બન અને હાઈડ્રોજન સાથે ઑક્સિજનનો સંયોગ થતાં શક્તિ અને ઉષ્મા જન્મે છે.

ભિન્ન ભિન્ન પેશીજાલોમાં નવીન શક્તિ નિર્માણ કરવા માટે તેમ જ ઉષ્માને સ્થિર રાખવા માટે સતત જ્વલનક્રિયા થયા જ કરે છે. આ જ્વલનક્રિયામાં ઑક્સિજનની અપેક્ષા રહે છે. પેશીજાલો રુધિરમાં રહેલા રક્તકણો દ્વારા ઑક્સિજન મેળવે છે.

શ્વાસ દ્વારા પ્રાપ્ત કરેલી હવામાંનો ઑક્સિજન રુધિરમાં રહેલા રક્તકણો શોષે છે. ફેફસાં, મૂત્રપિંડો અને ત્વચા દ્વારા અંગારવાયુ, પાણીની વરાળ ઈત્યાદિ નિરુપયોગી અને ઉપદ્રવી દ્રવ્યો બહાર કાઢી નાંખવામાં આવે છે. આ બધા દ્વારા એ સિદ્ધ થાય છે કે શ્વાસોશ્વાસની અનિવાર્ય આવશ્યકતા છે. અન્નજળ વિના તો અમુક સમય સુધી રહી શકાય, પરંતુ શ્વાસોશ્વાસ વિના તો થોડી મિનિટો પણ ન રહી શકાય.

**શ્વસનેન્દ્રિયો :-**

(૧) નાક (Nose), (૨) ગળું (Pharynx), (૩) કંઠ અથવા સ્વરયંત્ર (Larynx), (૪) શ્વાસનલિકા (Trachea or Windpipe), (૫) શ્વાસવાહિની (Bronehi), (૬) ફેફસાં (Lungs), (૭) ઉદરપટલ (Diaphragm) અને (૮) પાંસળી વચ્ચેના સ્નાયુ (Intercostal Muscles) આ બધી શ્વસનેન્દ્રિયો (Respiratory organs) છે.

**(૧) નાક (Nose) :-**

નાકને બે છિદ્રો છે જેમને આપણે નાસાપુટો, નાસારંધ્રો કે નસકોરાં કહીએ છીએ. એની વચ્ચે કોમલ અસ્થિનો એક પડદો છે.

મધ્યમાં આવેલા અવકાશના ગર્ભભાગમાં અંતરત્વચાનું આવરણ હોય છે. એના પર અતિ સૂક્ષ્મ અને કોમળ રુવાંટી હોય છે. એ મેલ બહાર કાઢે છે. નાસાપુટોના અંદરના ભાગમાં જ મોટા વાળ ઊગેલા હોય છે. તે ધૂળના રજકણને અને જંતુઓને ફેફસાંમાં જતાં અટકાવે છે. અંતરત્વચામાંથી એક પ્રવાહી નિરંતર સ્રવ્યા કરે છે. આથી, હવામાં ઘસડાઈ આવેલો મેલ ત્યાં ચોંટી જાય છે, ફેફસાંમાં જતો નથી.

નાસાપુટ દ્વારા આપણે જે વાયુને આકર્ષીએ છીએ તે નાકના પોલાણમાં રહીને ગળામાં જાય છે. એ પોલાણના ઊર્ધ્વભાગમાં બહારની દીવાલમાંથી ઊપસેલા કોંકા નામના ત્રણ શંખાકૃતિ વાંકાંચૂકાં હાડકાંનાં ઝૂમખામાં રક્તવાહિનીઓ આવેલી હોય છે. તે આકર્ષેલા વાયુને ઉષ્ણ કરે છે. તદુપરાંત તેમનામાંથી ઝરતા રસની બાષ્પ બની તે વાયુમાં ભળે છે. વચલા શંખાકૃતિ હાડકાં પાસે અશ્રુનલિકા પણ ખૂલે છે. આથી, અશ્રુજલની પણ બાષ્પ બને છે. તે પણ વાયુમાં ભળી ફેફસાંમાં જાય છે. છેક ઉપરના શંખાકૃતિ હાડકાંની નીચેની અંતરત્વચાની તળેટીમાં ગંધને પારખનારા જ્ઞાનતંતુઓ આવેલા હોય છે, તેમના દ્વારા આપણે સુગંધ કે દુર્ગંધ પારખી શકીએ છીએ.

**(૨) ગળું Pharynx :-**

ગળું મુખ અને નાસિકાના પૃષ્ઠ ભાગમાં આવેલું છે. એની લંબાઈ આશરે ચારથી પાંચ ઈંચ જેટલી છે. પરંતુ પહોળાઈ બધે સ્થળે એકસમાન નથી.

ગળું, નીચેના ભાગમાં શ્વાસનલિકા સાથે અને તેની પાછળ આવેલી અન્નનલિકા સાથે જોડાયેલું છે. બંને કાનોની યુસ્ટેશિયન નળી અને નાકનું પોલાણ ગળામાં ઊઘડે છે.

**(૩) કંઠ અથવા સ્વરયંત્ર Larynx :-**

સ્વરયંત્ર (કંઠ અથવા ઘાંટી) ગળાની નીચેના ભાગમાં શ્વાસનળીની ઉપર અને શ્વાસનળીને ઢાંકનાર પડદાની તળે આવેલું છે. આપણે કંઈ પણ ગળીએ છીએ ત્યારે શ્વાસમાર્ગનો પડદો (Epiglottis) શ્વાસનળીને ઢાંકી દે છે. જેથી ગળેલો પદાર્થ શ્વાસનળીમાં જતો અટકે છે. જ્યારે આપણે સામાન્ય અવસ્થામાં શ્વાસ પ્રશ્વાસની ક્રિયા કરતા હોઈએ છીએ ત્યારે શ્વાસ માર્ગનો પડદો ખૂલેલો રહે છે.

સ્વરયંત્ર ચાર કોમલ અસ્થિઓની બનેલી એક ત્રિકોણાકાર પેટી છે. તે ધ્વનિ ઉત્પન્ન કરે છે. તેમાં બે સ્વરતંતુઓ આવેલા હોય છે, આ સ્વરતંતુઓનું ન્યૂનાધિક ખેંચાણ કરી તેને કંપાવવાથી ભિન્ન ભિન્ન ધ્વનિઓ ઉત્પન્ન થાય છે. નાક, મુખ, શ્વાસનળી અને ફેફસાં - આ બધાં કંપિત વાયુપ્રવાહ પૂરો પાડે છે. આ કારણે સ્વરતંતુજન્ય આંદોલનો મોટાં થાય છે.

કંઠ-કોમલાસ્થિ ત્રણે કોમલાસ્થિઓ કરતાં મોટું છે અને તે બે ચપટા ટુકડાનું બનેલું છે. એ ઊભય ટુકડા અગ્રભાગમાં પરસ્પર મળી ડોકના અગ્રભાગમાં ઊપસેલો કંઠમણિ - હૈડિયો નિર્માણ કરે છે. સ્વરયંત્રનો માત્ર અગ્રભાગ અને પાર્શ્વભાગ કોમલાસ્થિઓ વડે નિર્માણ થયેલો છે. પરંતુ પૃષ્ઠભાગમાં કોમલાસ્થિઓના છેડાઓ પરસ્પર મળતા નથી. કંઠ-કોમલાસ્થિનો ઊર્ધ્વભાગ ગળાનાં હાડકાં સાથે અને નિમ્નભાગ મુદ્રાકાર કોમલાસ્થિ સાથે જોડાયેલો હોય છે.

સ્વરયંત્રના અંતર્ભાગમાં - ગડીઓ - સ્થિતિસ્થાપક - જ્ઞાનતંતુઓ આવેલા છે. આ ગડીઓને સાચા સ્વરતંતુ કહે છે. કારણ કે તેમના કંપનથી ધ્વનિ ઉત્પન્ન થાય છે. શબ્દોચ્ચારમાં જેમનો ઉપયોગ થતો નથી એવા ખોટા સ્વરતંતુ પણ હોય છે. સ્વરતંતુઓની લંબાઈ આશરે અર્ધો ઇંચ હોય છે.

**સ્વરદ્વાર :-**

બે સ્વરતંતુ વચ્ચેની ફાડને સ્વરદ્વાર કહે છે. અંગ્રેજી 'A' જેવો એનો આકાર હોય છે. બોલતી કે ગાતી વખતે સ્વરતંતુ આકુંચન પામે છે અને શ્વાસ - પ્રશ્વાસ વખતે સ્વરદ્વાર પહોળું રહે છે.

**નાદની કંપન સંખ્યા :-**

સ્વરતંતુની લંબાઈ અને તેની કંપન સંખ્યા પર નાદની તીવ્રતા આધારિત છે. સ્ત્રીઓ તથા બાળકોના સ્વરતંતુ પુરુષોના સ્વરતંતુની અપેક્ષાએ ટૂંકા હોય છે. તેથી તેમનો કંઠ-ધ્વનિ ઊંચો હોય છે. શરદીના કારણે, ઉચ્ચ સ્વરે અધિક બોલવાથી, અધિક ગાવાથી સ્વરતંતુ પર સોજો ચડી જાય છે.

આપણે બોલીએ કે ગાઈએ ત્યારે જીભ પણ સ્વરયંત્રને સહકાર આપે છે. દાંત, હોઠ, ગળું, તાળવાં અને બીજા ભાગો સાથે જીભના સ્નાયુઓ સંકળાયેલા છે. જીભ તે તે ભાગોને સ્પર્શે છે એટલે ભિન્ન ભિન્ન સ્વર તથા વ્યંજનના ધ્વનિ ઉત્પન્ન થાય છે. મગજમાં વાચાને માટે વિશેષ કેંદ્ર પણ છે. (અપૂર્ણ) ❑

'આસન અને મુદ્રા', બી.આ., પૃ. ૨૨૯

## વિજ્ઞપ્તિ

**તા. ૨૦ અને ૨૧ એપ્રિલના સુરતના ઉત્સવ સમયે 'હરિભાવ'ના લવાજમ/ભેટ આપનારને વિનંતી કે તેઓ તેમની પાવતીની ઝેરોક્ષ અત્રે કાર્યાલયના સરનામે ન મોકલી હોય તો મોકલી આપવા વિનંતી છે. -સંપાદક**

## (૬) પ્રસન્નતા

- શ્રીમોટા

'પ્રસન્નતા' એ આખા શબ્દમાં 'પ્ર' 'પ્રીફીક્સ' (આગળ જોડાતો શબ્દ) છે અને 'તા' સફીક્સ (પાછળ જોડાતો શબ્દ) છે. મૂળ શબ્દ 'સત્' રહ્યો, 'સત્' એટલે હોવું. હોવાપણાની સભાનતા આપણને થાય એટલે પ્રસન્નતા. **'આપણે આત્મા છીએ' એની સભાનતા થઈ એટલે પ્રસન્નતા આપમેળે પ્રગટે** 'પ્ર' અને 'તા' એના અર્થના વધારે સ્ફોટ કરવા મુકાયા છે. સંધિના નિયમ પ્રમાણે 'ત્' નો 'ન્' થાય છે.

સંસારમાં, વ્યવહારમાં જીવવા માટે પ્રસન્નતા જરૂરી. એ કુદરતી ગુણ નથી. કેળવાયેલો ગુણ છે. થોડુંઘણું સ્વભાવગત હોય. કંઈ કશાથી ડંખ ના થાય, મનદુઃખ ના થાય, અદેખાઈ ના થાય, ખોટું ના લાગે - આ બધું પ્રસન્નતાના લીધે પ્રગટે. પ્રસન્નતાનો ગુણ કેળવાય તો પોતેય સુખી થાય અને બીજા પણ સુખી થાય.

પ્રસન્નતાને અવરોધનાર પરિબળોમાં કામ, ક્રોધ, મદ, મોહ, મત્સર, અહમ્ વગેરે છે. આ બધાને લીધે થોડી પ્રસન્નતા આવે પણ પછી ખેદ પ્રગટાવે છે. આ બધી વૃત્તિઓ સંતોષાય પછી પ્રસન્નતાની નિમ્ન ગતિ થાય છે. - અજ્ઞાન તરફ જવાય છે. સાચી પ્રસન્નતાનું લક્ષણ આનંદ. વ્યવહારમાં દુઃખ, ઉપાધિ, વિઘ્ન, મુશ્કેલી આવે ત્યારે પ્રસન્નતાવાળો માણસ શાંત રહે છે. એનું મન એ કશાથી ડહોળાતું નથી. એના અંતઃકરણો શાંત હોવાથી એનો ઉકેલ ઝટ કરી શકે છે. મનની સાથે બુદ્ધિ અને પ્રાણ હોવાથી રસ્તો ખોળી કાઢે છે અને ઉકેલ યોગ્ય રીતના હોય છે. એમાં દ્વિધાપણું હોતું નથી.

પ્રસન્નતાનું લક્ષણ આનંદ કહ્યું. હવે આનંદના કારણે એકાગ્રતા, કેંદ્રિતતા પણ આપમેળે પ્રગટે છે અને તે વિસ્તાર પામે છે.

દરેકને પ્રસન્નતા જોઈએ છે, પણ એ મેળવવાની જિજ્ઞાસા - સભાનતા નથી એટલે એ દિશામાં પ્રયત્ન પણ થતો નથી. એ માટેનો પ્રયત્ન પોતે જ્યાં હોય ત્યાંથી - વર્તમાનથી જ થવો જોઈએ. જો પ્રસન્ન રહેવાની અવેરનેસ - સભાનતા - હોય તો પ્રસન્નતા કશાકથી ડૂબે એવા પ્રસંગ બને કે તરત જ એ સભાન થશે કે આપણે પ્રસન્ન રહેવું જ છે. વળી, **તેણે પોતે જ એનો ઉકેલ કરવો પડે છે. બીજો કોઈ એમાં મદદરૂપ નહિ થઈ શકે.**

જેણે જીવનમાં પ્રસન્નતાનું ધ્યેય રાખ્યું છે તે તટસ્થ થતો જાય છે. એના કારણે પ્રશ્નનું - સ્થિતિનું હાર્દ સરળતાથી જાણી શકશે. કારણ કે એના મનાદિકરણ શાંત હશે. વળી, પ્રસન્નતાવાળાની બુદ્ધિ ખીલતી હોય છે. આપણે પ્રત્યેક કર્મ કરતી વખતે પ્રસન્નતાના ધ્યેયને મોખરે રાખવો. લગ્ન વખતે વરરાજાને ઊઘલાવ્યા, તે વરરાજાને જ મોખરે રાખીએ છીએ તેમ. એટલે આવી સભાનતા - અવેરનેસ વિના આગળ વધી નહિ શકાય.

પ્રસન્નતાના માર્ગમાં કેટલાક અવરોધક શત્રુઓ પડેલા છે. એને પહેલાં દૂર કાઢો. રાગદ્વેષ મોટામાં મોટો શત્રુ છે. બુદ્ધ ભગવાને કથા લખી છે. રાગદ્વેષ કાઢતાં કેટલાક જન્મ જાય છે. એટલે એને ટાળતા જવાનું. નાના બાળકને ખરેખરી જે વસ્તુ જોઈતી હશે તેના બદલે બીજી વસ્તુ આપશો તો તે ફેંકી દેશે. એને જે જોઈએ છે તે આપો તો જ તેને સંતોષ થાય છે. એટલે પ્રસન્નતાને આડે આવતા અવરોધોથી ધીમે ધીમે છૂટા થઈ શકાય છે. એને અનેક વખત નકાર્યા પછી ક્રમશઃ સફળતા મળે છે.

પ્રસન્નતાવાળો માણસ કોઈ કાળે આળસુ નથી. તે હંમેશાં ઉદ્યમી, ખંતીલો, ધીરજવાળો રહેશે. **તે ગરીબ હશે તો ઉદ્યમ તો કરશે જ પણ સાથોસાથ સંતોષી હશે.**

આમાં કશી અતિશયોક્તિ નથી. મારી પોતાની જાતનો દાખલો છે. મારો બધો વ્યવહાર ચાલ્યા કર્યો છે. નાનપણથી તે અત્યાર સુધી. પ્રસન્નતાવાળો

માણસ આકાશ સામે જોઈને બેસી રહેતો નથી. કોઈ ને કોઈ માર્ગ કાઢે છે.

આપણી બુદ્ધિ રાગદ્વેષથી પ્રેરિત અને દ્વંદ્વથી કુંઠિત થઈ ગયેલી હોય છે. વળી, તેને અનેક પ્રકારનાં આગ્રહો, મતો, માન્યતાઓ, ધારણાઓ વગેરે રહ્યા જ કરે છે. આ બધાથી મોકળાશ અનુભવવી એનું જ નામ પ્રસન્નતા. જેનું મન પ્રસન્નચિત્ત રહે છે, તેની બુદ્ધિ પણ સૌમ્ય રહેવાની. **જે પ્રસન્નચિત્ત નથી, તે સાધક જ નથી.**

જેને ચિંતા હોવાનાં પૂરતાં કારણો અને તેવા સંજોગો હોવા છતાં, જેને તેનો કશો ભાર લાગતો નથી, એ સ્થિતિને પ્રસન્નતાની સ્થિતિ કહી શકાય. પ્રસન્નતામાં વેવલાપણું કે કોઈ ઊભરાની સ્થિતિ નથી. એમાં સ્થિરતા, ધીરજ ને સમતા છે. શોક અને હર્ષના ઊભરાનો પ્રસન્નચિત્ત વિવેકથી ઉપયોગ કરી શકે છે. તેમાં સ્વસ્થતા પણ રહેલી છે. એનાથી મન-હૃદય હળવાં ફૂલ જેવાં રહે છે. તેનાથી સમદૃષ્ટિ કેળવાતી જાય છે. પ્રસન્નચિત્તને કંઈ કશાના ઝાઝા વિચારો આવતા નથી કે કશાની ગડભાંજ કે અમૂઝણ રહેતી નથી.

પ્રસન્નચિત્ત કોઈ પણ લાગણી કે વૃત્તિનો ગુલામ બની જતો નથી. ગીતાજીનું કથન છે કે પ્રસન્નતાથી બુદ્ધિ સ્થિર થાય છે, તે ફંટાઈ જતી નથી કે 'બહુશાખા'વાળી બની જતી નથી.

પ્રસન્નતાનો ભાવ નીચે જણાવેલી રીતોથી થઈ શકશે :-

(૧) પ્રત્યેક જીવ અને પ્રાણી પરત્વે **મૈત્રીની ભાવના** રાખ્યા કરવી. તેનાથી વેરવૃત્તિ ઘટે છે અને સ્પર્ધાની લાગણી પણ ઓછી થવા માંડે છે.

(૨) પ્રત્યેક પ્રત્યે **કરુણાની ભાવના** કેળવવાના પ્રયત્નથી, અભિમાન, અહંકારાદિ વૃત્તિનો લય થવા માંડે છે.

(૩) પ્રત્યેક પ્રત્યે **મુદિતાનો ભાવ** કેળવવાથી સાહજિક કદરવૃત્તિની ભાવના જાગે છે ને પરસ્પર સહાયક અને સહકારની ઉચ્ચ ભાવના પ્રગટે છે.

(૪) પ્રત્યેક પ્રત્યે **ઉપેક્ષા એટલે નિઃસ્પૃહતાની** લાગણી રાખવાથી લોભ, ક્લેશ, મોહ, મમતા આદિનો નાશ થવા માંડે છે.

આ ચાર પ્રકારની ભાવવાનું જો તેની યોગ્યતાના પ્રમાણમાં પૂરેપૂરું જ્ઞાનપૂર્વક સતત પાલન - વર્તન થયા કરે તો પ્રસન્નતા જરૂર પ્રગટી શકે. આમાં કશું નવું નથી. અસલના સમયથી સિદ્ધ અનુભવ છે. વળી, **નિંદા, લૌકિક વાતો પ્રસન્નતાનો ઉદય થવાપણામાં બાધકરૂપે છે.**

પ્રસન્નચિત્ત ઝાઝો વાતોડિયો પણ ના હોય કે મૂંગો પણ ના હોય. હાસ્ય અને મધુર સ્મિત એનું એક બાહ્યલક્ષણ છે. એની વાણીમાં જીવતો સંસ્કાર હોય. એવાને જીવનમાં મળતા જતાં કોઈ પણ કર્મ અંગે બેદરકારી, બેકાળજી કે લાપરવાપણું નથી હોતું. એવાને સુમેળ સાધતા વાર લાગતી નથી. પ્રત્યેક ક્ષેત્રમાં એ સંપૂર્ણપણે ખુલ્લો જ હોય.

સંસારના વહેવારવર્તનમાં બીજા કોઈના વિચારોથી, વર્તનથી કે બોલથી આપણા મન ઉપર કંઈ અસર થાય કે દુઃખ લાગે તો આપણે આપણા મનના વલણને ફિટકારવું જોઈએ. અન્યના અજ્ઞાન પરત્વે આપણે નારાજ થવાનું કશું કારણ નથી કે મનમાં ચીડ, કંટાળો, ત્રાસ અણગમો વગેરે ઉપજાવવાનું પણ કાંઈ કારણ નથી.

કોઈની જોડે અથડામણ થાય, કોઈ પૂર્વગ્રંથિઓ મનમાં ભરેલી હોય તો જાગૃત રહી એ ટાળવાનો પ્રયત્ન કરવો. આપણામાં ઊણપ કે દુર્ગુણ હોય તો તેનો ખુલ્લો એકરાર કરવાથી આપણું હૃદય હળવું બને છે. **ભગવાન તો આનંદ સ્વરૂપ છે.** એટલે એને ભજનારમાં આનંદ આવવો ને રહેવો જોઈએ. સદા સર્વદા આનંદી, સરળચિત્ત, પ્રસન્નવદન રહેવું. સરળતા, સૌમ્યતા, સુમેળભાવ રહ્યા કરે એ આપણે જોવું. વધારે તો શું લખું? ❑

'પ્રસન્નતા', ચોથી આવૃત્તિમાંથી - સંકલન

# (૭) પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ - (૩)

-ડૉ. અનિલભાઈ

*(ગતાંકના અનુસંધાને)*

તા.૧૫-૧-૧૯૫૬ અને તા.૧૫-૨-૧૯૫૬ના પત્રોમાં ઝીણાભાઈને ઝાડાની કબજિયાત રહે છે તે માટે ત્રણચાર દિવસ રોજ રાત્રે સૂતી વખતે નાની દોઢ ચમચી ઈસબગુલ લેવો અને ઉપર પાશેર દૂધ પીવું એમ સલાહ આપી હતી તેમ જ ઉમેરેલું કે ભાઈ ચંપકલાલને આ કાગળ વંચાવજો. એટલે ઈસબગુલની વ્યવસ્થા તેઓ કરશે. જો એ ઈલાજ માફક ન આવે તો એક માટીની કુલડીમાં રોજ રાત્રે ૬ - ૭ ખજૂરની પેશીઓ પલાળી રાખજો અને સવારના પહોરમાં વહેલા ઊઠીને તે ખજૂરની પેશીઓ પાણી સાથે ખૂબ મસળીને એકરસ કરી દેજો અને ઠળિયા કાઢી નાખજો અને તે પાણી પી જજો. આનાથી તમને ઘણું સારું થશે. આ ઈલાજ મેં જાતે અજમાવેલો છે. પેલી માટીની કુલડી રોજ સૂરજના તડકામાં મૂકી રાખવી. ઈસબગુલ માફક ના આવે તો પછી આ પ્રયોગ તમે કરજો. એક વખત ઝાડો સાફ આવતો થશે તો પછી બીજી બધી શરીરની ફરિયાદ દૂર થઈ જવાની. આજરોજ ભાઈ ભીખુભાઈ અહીં આવ્યા છે. તમે બધાએ પ્રેમથી કરી આપેલી સાદડીઓ નંગ ૬ મળી છે.

ખજૂરનો પ્રયોગ કરી જોજો. હવે તાવ નહિ આવતો હોય. તાવ હોય તો ખજૂરનો પ્રયોગ ન કરશોજી. ત્યાં બધાને તાવ અને ખાંસી થઈ હોય તો તેનું કારણ ખાસ કશુંક હોવું જોઈએ. ડૉક્ટરને પૂછજો. નીરાબન તો ખુલ્લી જગામાં છે. ત્યાં હવા પણ ચોખ્ખી છે. પાણી બરાબર ગળાતું હશે. ખાવા પીવાનું બરાબર સફાઈથી થતું હશે. શરીર સંભાળજો.

આગલાં વર્ષની જેમ કુરુક્ષેત્રમાં તા.૧૮-૩-૧૯૫૬થી જયયજ્ઞ શરૂ થયો. સતત ત્રણ વર્ષના આવા જપયજ્ઞથી ભવિષ્યમાં થનારા હરિઃૐ આશ્રમનાં મૌનમંદિરોના જપયજ્ઞનો પાયો નંખાયો. હવે, ઘણા લોકોને આ જપયજ્ઞની અને થનારા હરિઃૐ આશ્રમની જાણ થઈ હતી. અવાવરું પડી રહેતા કુરુક્ષેત્ર મહાદેવ મંદિરના વિસ્તારમાં ચેતનનો સળવળાટ પ્રગટ્યો. **તાપી પુરાણમાં ઉલ્લેખ છે કે 'ભવિષ્યમાં આ કુરુક્ષેત્રમાં કોઈ સમર્થ સંતનું આગમન થશે અને આ પુણ્યભૂમિમાં ચેતનની પ્રાણપ્રતિષ્ઠા થશે.'**

આ વખતના જપયજ્ઞમાં સૌ પ્રથમ શ્રી ઝીણાભાઈ મૌનમાં બેઠા. આ ગરીબ તરવાડાએ પોતાની સેવાભાવ અને પ્રેમભક્તિથી સૌનાં દિલ જીતી લીધાં હતાં. સાચા સાધક અને પૂજ્ય શ્રીમોટાના સૌથી વધારે પ્રીતિપાત્ર શિષ્ય તરીકેની વિશિષ્ટ છાપ ઊભી થઈ હતી.

પૂજ્ય શ્રીમોટાએ શ્રી ઝીણાભાઈને મૌનમાં પત્ર લખ્યો કે 'તમોથી પ્રભુકૃપાથી, ભગવાનની કૃપાથી નામસ્મરણ સારું થવાનું. બપોરના વખતમાં ઓરડામાં ચાલવાનું ઘણું કરજો. બીજા વિચારો આવે ત્યારે તે વિચારોમાં ભળી ના જવું, પરંતુ તેવી વેળાએ આપણને ગમતું હોય તેવું ભજન ગાવું અથવા તો પ્રાર્થના કરવી, યા તો નામસ્મરણ કરવું. કૂદાકૂદ કરવી. વિચાર કે વૃત્તિની પકડમાં સપડાઈ ના જવાય તેની તો સોએ સો ટકા કાળજી રાખવી. વિચાર અને વૃત્તિથી કરી અથવા તો સ્વપ્નમાં થતા ખ્યાલો કરી આપણે જીવપ્રકૃતિથી કેવા છીએ તે જાણવાનું મળે છે. આપણે મૌનમાં બેઠા છીએ તે જીવદશાનાં વલણોમાંથી મુક્તિ મેળવવા માટે...

**'મારો વિચાર તમને થનારા સુરતના આશ્રમમાં રાખી પાડવાનો છે. માટે, તમારે તો પાકી તૈયારી કરવાની છે. તમારે પાયામાં ચણાઈ**

**જવાનું છે. તમારે ઘરજમીન વગેરેની મમતાથી મુક્ત થવાનું છે, તે જાણશો.'**

૧૯૫૬ના મે મહિનામાં ઝીણાભાઈનો જપયજ્ઞ પૂરો થયો. એટલે બીજો વિચાર કર્યા વિના લવાછા જઈ પોતાના ભાગે આવેલી જમીન અને મકાન ભાઈઓને સોંપી દીધાં. નીરાબનનું આજીવિકાનું કામ પણ છોડી દીધું. એક ગાદલું અને થાળીવાટકો ચાદર, ઓશીકું, પહેરવાનાં કપડાં વગેરે લઈ કુરુક્ષેત્ર સ્મશાનની ખંડેર ધર્મશાળામાં રહેવા લાગ્યા.

તે સમયમાં પૂજારી ઈશ્વરબાવા અને લલિતાબહેન પૂજારણનું ઘર, તેઓ રાંદેર ગામમાં રહેતાં હતાં. એટલે ખાલી પડી રહ્યું હતું. રાત્રે ચોર લોકો આવી માર મારી જે કંઈ ઠામ વાસણ હોય તે લઈ જાય. એટલે તેનું ઘર અવાવરું પડી રહેલું. લલિતાબહેનને એમ થયું કે ઘર ખાલી પડી રહ્યું છે એના કરતાં વપરાય અને સાફસૂફ રહે એટલે ભલેને ઝીણાભાઈ તેમાં રહે. આમ, થોડા વખત પછી શ્રી ઝીણાભાઈ સાફસૂફ કરી આ ઘરમાં રહેવા લાગ્યા.

રાત્રિનો ગાઢ અંધકાર વસ્તીથી દૂર ભેંકાર, નીરવ અને નિર્જન સ્થળે શ્રી ઝીણાભાઈ તદ્દન એકલા જ રહેતા. રાત્રે તમરાં અને સીમના શિયાળિયાનો અવાજ સંભળાતો. વળી, બાજુમાં જ સ્મશાન. સામાન્ય માણસને ભૂતપ્રેત એ વધારાનું ભયનું કારણ!

શ્રી ઝીણાભાઈના મોટા ભાઈ-શ્રી ગાંડાભાઈ, એક દિવસ આવ્યા ને ઝીણાભાઈને કહે આવી જગામાં ના રહેવાય ઘેર પાછો આવતો રહે. ચોમાસા પછી આવતા રહેજો, પણ શ્રી ઝીણાભાઈએ કહ્યું, 'હવે નક્કી થઈ ગયું, હવે પાછા ના અવાય. હું તો અહીંથી ખસવાનો નહિ.' આમ, મરણિયો નિર્ધાર કરેલો.

સૂર્યોદય સમયે ઊઠી, પ્રાતઃકર્મ પરવારી આશ્રમની જમીનમાં મોટા મોટા આકડા હતા તે કાઢવા કમર સુધી ઊંડે ખોદવું પડે. જમીનમાં ઊગેલું ઘાસ કાઢતા અને ખાડા ટેકરાને સમથળ કરતા. એક વખત ગરમીના દિવસોમાં એક ઊંચા, લાંબા હાથવાળા, હાથમા લાકડી, ખભે ઝોળી લટકાવેલ લંગોટધારી સાધુ બાજુમાંથી પસાર થયા.

શ્રી ઝીણાભાઈએ કહ્યું કે બાપજી એ બાજુ રસ્તો બંધ છે, આ બાજુથી જવાશે. સાધુએ તો ઘણી ઘૃણાજનક ગાળ સંભળાવી પણ ઝીણાભાઈને દુઃખ ના લાગ્યું, ઊલટો તેમના પ્રત્યે ભાવ જાગ્યો. 'બાપજી, તમે જમીને જાવ' એવું ઝીણાભાઈએ કહ્યું ત્યાં તો ફરીથી ગાળ બોલ્યા. પછી નદી કાંઠેના રસ્તેથી જતા રહ્યા. ઘણા સમયે ખબર પડી કે એ તો ધૂણીવાળા દાદા કેશવાનંદજી હતા. ઝીણાભાઈ ગુરુસ્મરણ કરતાં કરતાં આ શ્રમવાળું કામ કરતા હતા પણ થાક લાગતો ન હતો. જાણે કે ગુરુશક્તિ જ આ કામ કરાવે છે એમ લાગતું.

શ્રી ભીખુકાકા, શહેરમાં રહીને આશ્રમના બાંધકામ માટે ફાળો ઉઘરાવતા અને વચ્ચે વચ્ચે ગુરુવારે શ્રી ઝીણાભાઈને મળી જતા. જૂન, ૧૯૫૬માં ચોમાસું શરૂ થયું ન હતું ત્યારે બે મૌનરૂમો અને હાલ ઑફિસ છે, તે જગ્યાના પાયાનું કામ પૂરું કરી દીધું હતું.

તા. ૪-૭-૧૯૫૬ અને તા. ૧૫-૭-૧૯૫૬ના પત્રોમાં શ્રીમોટાએ શ્રી ઝીણાભાઈને લખ્યું કે -

તું ત્યાં એકલો નથી. તારી સાથે કોઈક છે એમ જરૂર માનજે. તારામાં મારું દિલ છે તે નક્કી માનજે. પ્રભુકૃપાથી તારી કરેલી મહેનત નકામી જવાની નથી તે જાણજે. ભાઈલા, તારા કાગળથી મને આનંદ થાય છે. આશ્રમની સેવા તે પ્રભુભક્તિ

છે. આશ્રમની વાડ એવી મજબૂત થવી ઘટે કે જેથી ઢોરઢાંખર અંદર પેસી જ ના શકે. આશ્રમમાં અજમાનો છોડ, તુલસી-ફૂદીનો- એટલું જરૂર વાવજો. હરિસ્મરણ કરતા રહેજો. ત્યાં આગળ હવે તું રહે છે એટલે મારે જ્યારે સુરત આવવાનું થતાં ત્યાં કુરુક્ષેત્ર જ સીધો આવીશ અને તમારા હાથની રસોઈ પ્રેમથી જમીશ.

ગુરુપૂર્ણિમા તા.૨૨-૭-૧૯૫૬ના દિવસે ભીખુકાકા, શાંતિભાઈ તમાકુવાળા વગેરે ભક્તો કુરુક્ષેત્ર આવ્યા અને હરિઃૐની ધૂન બોલાવી. શ્રી ઝીણાભાઈએ હરિસ્મરણ કરતાં કરતાં બનાવેલી દાળઢોકળીનો સ્વાદ બધાએ માણ્યો.

તા. ૨૮-૭-૧૯૫૬ના પત્રમાં શ્રીમોટા ઝીણાભાઈને લખે છે -

'તમે ત્યાં આનંદથી રહેજો અને હરિસ્મરણ કરજો. કંઈક રકમ પાસે તો હોવી ઘટે. તેથી, તને મહિને કેટલી રકમ મળે તો પોષાય, સંતોષ થાય તે જરૂર લખજે. તને હું તો યાદ કરું છું.

પ્રિય ભીખુભાઈ, શાંતિભાઈ, જત,ભાઈ ઝીણાભાઈને પૂછીને તેની સંમતિ લઈને, તેની કનેથી જાણીને મહિનાની શી રકમ આપવી તે નક્કી કરજો અને મને લખજો. રકમ તો નક્કી કરવી જ જોઈએ અને તે ઉપરાંત એને કપડાંલત્તાં, ટપાલનું ખર્ચ અને એક સાઇકલ પણ આપણે આશ્રમ માટે ભેટ મેળવવી પડશે. તેની તજવીજમાં રહેશો. કુંભકોણમ્‌માં ભેટ મળી છે. નડિયાદમાં કુબેરદાસે ભેટ આપી છે તો હવે રાંદેરનું પણ ગોઠવજો. તમને બહુ યાદ કરું છું.

શ્રી ઝીણાભાઈએ પોતાની જરૂરિયાત મહિનાની માત્ર રૂ. ૧૦/- છે. તેવું જણાવ્યું. એટલે પૂજ્ય શ્રીમોટાએ તા. ૭-૮- ૧૯૫૬ના રોજ લખ્યું કે 'તેં ભીખુભાઈને મહિનાના રૂ. ૧૦/-નું કહ્યું છે, તે વાંચીને તારા માટે ઘણો ભાવ થયો. એટલી નાની રકમ તારા માટે ના હોય. એ અંગે તો હવે અહીંથી પાછા ફરતાં સુરત, કુરુક્ષેત્રમાં ચાર દિન રહેવાનો મારો વિચાર છે. ત્યારે બધા ભેગાં મળીને તારી રકમ અંગે નક્કી કરીશું. તું ભલે ના વાપરે તો તે રકમ એકઠી કરીને તે અંગે ઘટતી વ્યવસ્થા કરીશું.

**તારા ઉપર કુરુક્ષેત્રના આશ્રમનો આધાર છે.** એટલે તું બને તેટલું હરિસ્મરણ કરતો રહેજે. તારે જે જોઈએ કરે તે ભીખુભાઈ કને માગવું. તેમાં શરમ ના રાખતો. તારું કદીકને શરીર ઠીક ના રહેતું હોય અને તારે દવાની જરૂર પડે તો રાંદેરમાં એક ડૉ. જેભાઈ અને બીજા મોહનભાઈ વૈદ્યકાકા છે એમ બે ઠેકાણે આજે હું પત્ર લખી રાખું છું. તું આશ્રમમાં રહે એવી મારી મરજી ઘણા વખતથી હતી. અવારનવાર કાગળ લખતો રહેજે. ત્યાં જે કોઈ આવે કરે તેને મારા વતી યાદ કરજે.

નીચે ધરતી અને ઉપર આકાશ, શ્રી ઝીણાભાઈને બીજો કોઈ આધાર ન હતો. ભવિષ્યની ચિંતા-ફિકર ન હતી. તેઓને એકમાત્ર આધાર શ્રી સદ્‌ગુરુનો હતો. તા. ૨૮-૭-૧૯૫૬ના સવારના હાથમાં બાલદી લઈને આશ્રમના કૂવે નાહવા માટેનું પાણી ભરવા નીકળ્યા. ચોમાસું હોવાથી મોટું ઘાસ ઊગી નીકળેલું. ખુલ્લા પગે ઘાસ વચ્ચે જઈ રહ્યા હતા ત્યાં તો તેમને પવન જેવો સુસવાટો સંભળાયો. પાછળ ફરીને જોયું તો મોટો સાપ ધસમસતો આવીને તેમના પગ સાથે અથડાઈને એક ક્ષણવારમાં જતો રહ્યો. શ્રી ઝીણાભાઈ બાલદી સાથે નીચે પડી ગયા. પછી ઊભા થઈ પાણી ભરી લાવ્યા. સાપ તો ચાલ્યો ગયો પણ સાપનો ભય તે પછી વર્ષો સુધી ગયો નહિ. (ક્રમશઃ) ❑

## (૮) મૌલિક કાર્યો

**-શ્રીમોટા**

આટલી મોટી આપણી ગુજરાતી ભાષા, પણ એમાં એક વ્યાકરણ ના મળે સાહેબ. એક અમેરિકન વિદ્યાર્થીએ લખ્યું. વિચાર કરો ! ગુજરાતી ભાષા અમેરિકન વિદ્યાર્થી શીખતો હતો, ત્યારે એણે વ્યાકરણ પોતે લખ્યું. ભાષાને માટે વ્યાકરણ બહુ જરૂરનું. ત્યારે મારું માથું તો શરમથી નીચું પડી ગયું. સાલી આપણી કેટલી લાચારી !

ત્યારે **મેં વ્યાકરણનું કામ હાથમાં લીધું.** અને એ હવે થાય છે. પણ એમાં, કહું, સમાજે એક પૈસો મને આપ્યો નથી સાહેબ, હમણાં એક જણે સો રૂપિયા આપ્યા. પણ આટલા બધા કવિઓ, સાક્ષરો, પ્રોફેસરો, વિદ્વાનો, પૈસાદારો - કોઈએ નથી આપ્યા. મારા સંબંધને કારણે પૈસા તો મને મળે છે. એવા એવા સંબંધો થાય છે સાહેબ. આ પણ એક શોધ છે કે મારા જીવનની પ્રયોગાત્મક હકીકત છે.

કોઈની સાથે હું સંબંધ બાંધવા ગયો નથી. હમણાં જ એક વર્ષથી જ સંબંધ થયો છે. આ રમણભાઈ અમીન એલેમ્બિકવાળા સાથે. બહુ મોટા પૈસાદાર. આખા ગુજરાતમાં એના એકલાની પાસે જ વિમાન, ફર્સ્ટ ક્લાસ પાઈલટ અને એટલો બધો નમ્ર માણસ સાહેબ ! તમે જુઓ તો કેટલી બધી મારા શરીરની સેવા કરે છે. આ એક વર્ષની અંદર એટલી બધી મદદ એણે મને કરી છે. આપમેળે સંબંધો ભગવાન મેળવી આપે છે. તેને જાળવી રાખવાને મારો પ્રયત્ન છે.

**એવું આ સાલ 'વ્યુત્પત્તિ'નું કામ લીધું છે.** આપણી ભાષામાં એ નથી. એ પણ મોટામાં મોટી ઊણપ છે. વ્યુત્પત્તિ એટલે અંગ્રેજીમાં કહું તો Etyomology ઈટિમૉલજીમાં આ બધું આવે અને આપણી પાસે એના નિષ્ણાત માણસો છે. એ ખૂબીની-જોવાની વાત છે. પણ એને પોરો ચડે અને એ ખુશ થાય, સંતોષ પામે એટલી રકમ આપણે આપવી જોઈએ. ત્યારે અમે એ કામ કર્યું. ભાયાણી કરીને એક બહુ ઉત્તમ માણસ છે. આ વિષયનો પણ એને એમ ના થયું કે આ પુસ્તક લખી નાખું.

**ત્યારે આ બીજો વિચાર મને આવ્યો કે આપણે ત્યાં 'વેદ' છે.** આપણે બધા કહીએ છીએ કે આપણી સંસ્કૃતિનું મૂળ 'વેદ' છે. પણ એમાં સાપ છે કે ઘો તે આપણે કંઈ જ જાણતા નથી. ઘણા વખતથી મારા મનમાં સંકલ્પ છે કે આ 'વેદ'ને આપણે ગુજરાતી ભાષામાં ઉતારવા. સાતવળેકર કરીને એક ભાઈ છે. તેમની પાસે હું અને નંદુભાઈ બેઉ ગયેલા. વેદના બહુ મોટા વિદ્વાન. ત્યારે એમની ઉંમર ૯૦ ઉપર થઈ ગયેલી. બહુ સશક્ત શરીર, બહુ નાજુક. કબૂલ પણ થયા કે મારે તેમને પંદર હજાર રૂપિયા આપવા. એ પણ નક્કી થયું. પછી એમણે ના પાડી દીધી કે એમના સંજોગોને કારણે એમનાથી એ કામ નહિ થાય. વળી, અમને ભગવાનની કૃપાથી સંજોગો સાનુકૂળ થયા. એવા લખનાર પણ મળી ગયા અને એ કામ હાથમાં લીધું છે. બહુ ઉત્તમ કામ છે. **આખી સમગ્રતાને સ્પર્શે એવું છે.**

**આ કાળ જ્ઞાન અને વિજ્ઞાનના સમન્વયનો કાળ છે.** વિજ્ઞાનની અભિમુખતા આપણામાં બહુ ઓછી છે. આપણા કિશોરોમાં, કૉલેજના વિદ્યાર્થીઓમાં, આપણા જન સમાજમાં એની અભિરુચિ વધે એવાં પાંચ છ ફરમાનાં, નાનાં નાનાં પુસ્તકો બહાર પાડ્યાં. વિજ્ઞાનના ઘણા વિષયો અંગેના યોગ્ય પ્રકારના નિષ્ણાત માણસો પાસે એ કરાવ્યાં છે. અને બહુ સારી શ્રેણી થશે. **એ પણ આખા સમાજની સમગ્રતાને સ્પર્શે એવી છે.**

આ ઉપરાંત, આપણા ગુજરાતી સાહિત્યમાં બાળકો માટે Children encylopedia જેને કહીએ એવું કોઈ સાહિત્ય નથી. એવી કોઈ શ્રેણી નથી અને આ જ્ઞાનગંગોત્રીની શ્રેણી આપણે જે ઉપજાવી છે એ અનુપમ છે. આજે બધા જ સાક્ષર, વિદ્વાનો પ્રોફેસરો એની કદર કરે છે, કે મોટાએ આ કામ લીધું છે તે બહુ ઉત્તમ છે. એને માટે પણ મેં મારું ઋણ અદા કર્યું છે. **નંદુભાઈ તો ના જ કહેતા હતા કે મોટા, હવે શું કામ ? બધું જાણીને કોણ શું કરવાનું છે. પણ મારે કોકને માટે નહિ પણ મારે તો મારી ખાતર લખવાનું છે. એ કાયમી છે.** Permanentવાળું છે. આવી જ આ **'કિશોરભારતી'** બે લાખ રૂપિયા ઉપરાંત એમાં આપ્યા.

એવું જ બીજું કામ લીધું છે. આખા હિંદુસ્તાનમાં All India Basis-દિલ્હીની અંદર **યુનિવર્સિટી ગ્રાન્ટસ્ કમિશન છે.** આખા દેશની યુનિવર્સિટીઓને એ ગ્રાન્ટ આપે. બધા પ્રોફેસરો-નિષ્ણાત માણસો એમાં અને એ બધાની સાથે એને સંબંધ. આપણા દેશમાં વિજ્ઞાનના સંશોધનની હજી ખામી છે. દુનિયાના બીજા દેશોમાં વિજ્ઞાનનું જે સંશોધન થઈ રહેલું છે એના પ્રમાણમાં આપણે ત્યાં ઘણું ઘણું ઓછું છે, એને માટે તો કરોડો રૂપિયા જોઈએ. ત્યારે એ ઊણપ દૂર થાય એટલા માટે **તલના કરોડમા ભાગ જેટલું આ કામ કરું છું.** સમાજમાં ભાવ મૂકવાનો મારો આ પણ એક પ્રયત્ન છે. આ કાળને લગતું અને **આખા સમાજને સ્પર્શે એવું આ કામ છે.**

આવતી સાલનાં કામો પણ અત્યારથી નક્કી કરી દીધાં છે. **ઈન્ડિયન કાઉન્સિલ ઑફ ઍગ્રીકલ્ચર રિસર્ચ છે.** વસ્તી વધી રહી છે અને જમીન ઘટી રહી છે. જમીન વધવાની નથી. એ કંઈ વિયાતી નથી. અનાજ, કઠોળ, તેલીબિયાં વગેરેમાં સંશોધન થાય. હિંદુસ્તાનમાં ઘણા માણસોને દૂધ મળતું નથી. **ગાયો જ વધારે દૂધ આપશે.** એનું કામ પણ આવતી સાલ માટે લીધું છે.

અને બીજું પણ એક કામ લીધું છે. આપણે બધા દવા Minded તો થઈ ગયા જ છીએ. દવા તો ગામડાઓવાળાને પણ જોઈશે. પરદેશમાં એમાં સંશોધનો થાય છે. આપણે ત્યાં થતા નથી. એ માટે સારા પુરસ્કાર આપવામાં આવે તે બહુ જરૂરનું છે. એ પણ આવતી સાલને માટે લીધું છે.

હવે આવી રીતે બીજું એક કામ કરવાનું છે તે કહેવાનું રહી ગયું. આખા હિંદુસ્તાનમાં પહેલ વહેલું આપણે કામ લીધું છે. **આખા હિંદુસ્તાનમાં નદીઓમાં તરવાની હરીફાઈ આપણે કાઢેલી છે.** બીજા કોઈને સૂઝેલું નથી. આપણો હજારો માઈલનો દરિયાનો કિનારો પણ એને કોઈ ખૂંદનારો નીકળ્યો નહિ. આખા હિંદુસ્તાનમાં તરવાની હરીફાઈ આપણે કાઢી All India Basis ઉપર, નર્મદામાં પણ તરણસ્પર્ધા કાઢી છે.

એવી જ રીતે ગુજરાતમાં આ ખારવા - ખલાસી લોકોનું જીવનનું ખમીર-તેજ ટકી રહે એટલા માટે **ખુલ્લા દરિયામાં ૩૫ થી ૪૦ માઈલ તરવાની હોડીઓની હરીફાઈ પણ યોજી છે.** કોઈના વિચારમાં પણ આ નથી આવતું. આપણે કેરાલામાં - મલબારમાં ઓમન નો ઉત્સવ ઊજવાય છે. ત્યાં હોડીઓની હરીફાઈ થાય છે. પણ ખુલ્લા દરિયામાં નહિ. કિનારા ઉપર જ ત્યાં થાય છે.

સુરતનાં બાળકો માટે સ્નાનાગાર કરાવવો છે. ત્યાં તરવાની પ્રવૃત્તિ - નદીમાં તરવાનું ખૂબ સારું ચાલે છે. દોઢસો છોકરીઓ ને ચારસો છોકરાંઓ વૅકેશનમાં શીખે છે. સુરત બોટિંગ અને સ્વિમિંગ ક્લબ છે. એમાં પણ અમે પૈસા આપ્યા છે.

ચેતન અનુભવ પામેલો માણસ અનેક ક્ષેત્રે અનેક રીતે મૌલિક છે. એ પણ મોટામાં મોટી સાચી હકીકત છે. ❑

'દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન', પ્ર.આ.માંથી સંકલિત.

# (૯) ભગવાન નિત્યાનંદ

-સ્વામી મુક્તાનંદ

*(ગતાંકથી આગળ)*

ગુરુદેવ નિત્યાનંદજી ક્રિયાશીલ બ્રહ્મનિષ્ઠ હોઈ તેમની તમામ ઇંદ્રિયો સ્વાભાવિક જ અંતમુર્ખ રહેતી. તેમની આંખો અડધી મીંચાયેલી રહેતી હતી. અંતરાત્મસ્થિતિ રસમય, પ્રેમમય, આનંદમય, સુખમય અને શાંતિમય છે. તેમની સમક્ષ કોઈ વ્યક્તિ અભાવની વાત કરે તો તેઓ તેને કહેતા કે, 'અરે ! તારા આત્મામાં બધું છે રે ! અંદર શોધ'. જીવાત્મા રૂપરસગંધશબ્દ સ્પર્શપ્રિય છે, પરંતુ બહારના બધા વિષયો અંતરમાં પૂર્ણરૂપે વિદ્યમાન છે.

એક દષ્ટિએ આ શરીર માંસમળમૂત્રમય અપવિત્ર અને કુરૂપ છે. શરીરમાંથી દિવ્ય જ્યોતિરૂપ ચેતન છૂટું પડી જાય ત્યારે નિશ્ચેષ્ટ શરીરને શબરૂપે જોઈને લોક નજર ફેરવી લે છે. આવા શરીરને જે તેજવંત, પ્રેમમય. સૌંદર્યવાન બનાવે છે તે આત્મજ્યોતિ કેટલી સુંદર, તેજોમય અને શક્તિશાળી હશે ? એટલે ભગવાન નિત્યાનંદજી કહેતા, 'અરે જીવાત્મા ! તારા અંતરરૂપને તું જો. તે કેટલું મધુર, રુચિકર અને આનંદમય છે ! એ અંતરસાગરનું એક બિંદુ પણ તને બહાર નહિ મળે માટે ધ્યાન ધર, ધ્યાન ધર, ધ્યાન ધર'.

અંતરશબ્દ જેને નાદ પણ કહે છે તેમાં બ્રહ્માનંદ પ્રાપ્ત થાય છે. ગુરુદેવ કહેતા કે બાહ્યસંગીતની શી વિસાત ? અંતરસંગીત સાંભળો, તેમાં આત્માની તૃપ્તિ છે, તે જ આત્માની વાણી છે. મનને અંતર્મુખ કરી તે સાંભળો. આ ઉપરાંત, **અતંરરસ જેને મહારસ કહે છે** એ અમીરસ છે. યોગીનું મન આજ્ઞાચક્રમાં સ્થિર થતાં અંતરગંધ-દિવ્ય ગંધનો અનુભવ થાય છે. તે ઉપરાંત, હૃદયસ્થાનનું ચક્ર ખૂલી જતાં અંતરસ્પર્શ અનુભવાય છે. આ કારણે જ શ્રીગુરુદેવ બધા ભક્તોને હંમેશાં કહેતા કે, 'અરે ! તારું બધુંય સુખ તારી અંદર જ પૂર્ણરૂપે છે'.

શરીરમાં ચાર અવસ્થા છે - જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય. શરીરમાં પાંચ મહાભૂત, પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને ચાર અંતઃકરણ (મન, બુદ્ધિ, પ્રાણ અને અહં) મળીને ઓગણીસ કરણ મારફત જે વ્યવહાર ચાલે છે તેને જાગ્રત અવસ્થા કહે છે. સ્વપ્નાવસ્થાની અનુભૂતિ સૂક્ષ્મ શરીરની છે. પ્રગાઢ નિદ્રાનો અનુભવ કરનાર કારણ શરીર છે જેને સુષુપ્તિ અવસ્થા કહે છે. તેનાથી આગળ તુરીય અવસ્થા છે. કારણથી આગળ મહાકારણ. તેનાથી આગળ તુરીયાતીત અવસ્થા સિદ્ધોની છે. ત્યાં સૂર્યનો તાપ, ચંદ્રની શીતળતા, વીજળીની ચમક, વાયુનું વહન, અગ્નિ કે દુઃખનો પ્રવેશ નથી. તેમ જ મૃત્યુની પહોંચ પણ નથી. ભગવાન નિત્યાનંદજીની આ અવસ્થા - અવધૂત અવસ્થા હતી. તેઓ કહેતા કે સુખ-દુઃખ વગેરેનું જ્ઞાન અંતઃકરણને હોય છે. પણ જે દેહાતીત હોય છે તેને માટે સર્વ સમાન છે.

એક જ સુવર્ણમાંથી જુદા જુદા આકારના અલંકાર, એક જ માટીમાંથી ઘટાદિ વાસણો બને છે. વીર્યના એક જ બિંદુમાંથી અનેક અવયવોવાળું શરીર બને છે. તે જ પ્રમાણે આખુંય ચરાચર જગત પરમાત્માનું રૂપ છે. ગુરુદેવની તસવીર માટે સંમતિ માગનારને કહેલું કે તું સંપૂર્ણ વિશ્વનો ફોટો લે ! આ વિશ્વ હું છું. આ સકલ વિશ્વ મારો જ વિલાસ છે.

સાધુચરિત્ર ઘણું ગહન હોય છે. સંત તુકારામના શબ્દોમાં માછલી પાણીમાં શી રીતે સૂઈ જાય છે, તે સમજવા માટે માછલી બનવું પડે. મહાત્માઓની સ્થિતિ વિશે ચર્ચા કરવી કે મત બાંધવો એ કેવળ બાળચેષ્ટા જ છે.

**આ જગતનો પ્રત્યેક જીવાત્મા પરમાત્માનો અંશ છે.** મનુષ્ય નાનાંમાટાં કર્મો સુખને માટે જ કરે છે, પરંતુ તે અજ્ઞાનવશ હોવાથી તેને ખબર નથી કે બધાં સુખો અંતરાત્મામાં જ છે. કોઈ મહાપુરુષનાં દર્શન થતાં તેને સાચું સુખ મળે છે. જગતને વાસનામય કહ્યું છે. વાસનાઓની તૃપ્તિ કદી થતી નથી. બધા પદાર્થો રસહીન છે. જગત ક્ષણભંગુર, સુખહીન અને દુઃખોનું વિશાળ ઘર તથા નશ્વર છે. જગતનાં બધાં સુખ આત્મસુખમાં સમાયેલાં છે.

માનવીને અધ્યાત્મ સ્થિતિનો બોધ કરવા માટે પરમેશ્વર ગુરુનું રૂપ ધારણ કરીને આવે છે સિદ્ધગુરુ નરને નારાયણ, જીવને શિવ અને પુરુષને પુરુષોત્તમ બનાવવાનું સામર્થ્ય ધરાવે છે. શ્રીગુરુદેવ નિત્યાનંદજી એવા સિદ્ધગુરુ હતા. તેઓશ્રીનું શ્રદ્ધાયુક્ત સ્મરણ કરનારની અંતરાત્માશક્તિને જાગ્રત કરવાનું સામર્થ્ય હતું. શ્રીગુરુકૃપાનું એક બીજું નામ છે. 'શક્તિપાત'. ગુરુ, શિષ્ય પર કૃપા કરી પોતાની આત્મશક્તિનું તેનામાં સંક્રમણ કરે છે. એનું મોટું વિજ્ઞાન છે. શૈવતંત્રમાં એનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. શક્તિપાત દ્વારા ગુરુ, શિષ્યની કુંડલિની શક્તિનું ઉત્થાન કરે છે. ગીતામાં એને ઐશ્વર્યમયી, મહાયોગમયી શક્તિ કહી છે. શિવ અને શક્તિનાં બે નામ જ જુદાં છે. વાસ્તવમાં તે એક ભેદરહિત છે.

ભગવાન નિત્યાનંદજીએ અનેક ભક્તો-સાધકોને અનેક પ્રકારે જુદા જુદા મંત્રોથી દીક્ષા આપી છે. મંત્ર અનેક હોવા છતાં તેમાં વ્યાપ્ત ચૈતન્યશક્તિ એક જ છે અને સમાનરૂપે ફળપ્રદ બને છે.

જગતમાં કાળની ગતિની રીતિ - નીતિ ખૂબ વિચિત્ર છે. કાળ મહાકાલ છે. કાળમાં નથી દયા, નથી પ્રેમ કે નથી ક્ષમાશીલતા. પોતાનાં કર્તવ્ય સિવાય તે બીજું કંઈ જાણતો નથી. કાળ, કાળનો પણ ભક્ષક છે.

શ્રીગુરુદેવે તો બે માસ પહેલાં જ પોતાના મહાપ્રયાણની તૈયારી કરી લીધી હતી. ભોજન છોડી દીધું હતું. કોઈવાર જળાહાર, ફળાહાર કે નિરાહાર રહેવા લાગ્યા હતા. આથી, તેઓ થોડાક કૃશ બની ગયા હતા. ભક્તોના અનુરોધ છતાં થોડું પણ અન્ન લેવા તેઓ રાજી ન હતા. ડૉક્ટરની દવા કે સારવારની તેઓને કોઈ પરવા ન હતી. જન્મ, અસ્તિત્વ, વૃદ્ધિ, વિકૃતિ, અપક્ષય અને વિનાશ એ ષડ્ધર્મ બધાયના શરીરને લાગુ પડે છે. એ વિધાતાનો નિયમ છે.

શ્રીગુરુદેવના શ્રીઅંગનો અંત આટલો જલદી આવશે એની કોઈનેય કલ્પના ન હતી. ગુરુપૂર્ણિમાના દિવસે શ્રીગુરુદેવે સૂતાં સૂતાં જ બધાને દર્શન આપ્યાં હતાં. તે પછી બારમા દિવસે તા. ૮-૮-૧૯૬૧ને મંગળવારે સવારે દસ કલાક ને ચાળીસ મિનિટે તેમણે મહાસમાધિ લીધી.

શ્રી લક્ષ્મણશા ખોડેના બેંગ્લોર હાઉસના ઉપરના મોટા ખંડમાં શ્રીગુરુદેવે પોતાની લીલા સમેટી લીધી. તે સમયે શ્રીગુરુદેવ ઉત્તરમાં શ્રીમસ્તક અને દક્ષિણમાં શ્રીચરણ રાખીને સૂતા હતા. તે સમયે કેટલાક ભક્તજનો હાજર હતા. અંત સુધી શ્રીગુરુદેવ-જેવા ને તેવા જ હતા. તેજસ્વી, શાંત અને ગંભીર. ક્યાંય કોઈ પરિવર્તન થયું ન હતું.

ગુરુદેવે બધાને આપવા માટે કૉફીનો પ્રસાદ મંગાવ્યો. બધા ભક્તજનો હંમેશની જેમ શાંત બેઠા હતા. મહાપ્રયાણની થોડીક ક્ષણો પહેલાં શ્રીગુરુદેવનો હાથ અને પગ સીધા થઈ ગયા. સંધિવાના દર્દથી ગુરુદેવના હાથપગના કેટલાક સાંધા કેટલાંક વર્ષોથી જકડાઈ ગયા હતા. તે છૂટી ગયા, પ્રારબ્ધભોગનો અંત આવ્યો. તે વખતે ડૉક્ટર

નિકલસન ગુરુદેવના હાથ પર અને હું (સ્વામી મુક્તાનંદ) તેમના પગે હાથ ફેરવતા ઊભા હતા. પગની નાડીમાં પ્રાણનું વહન સહસા સ્થિર થઈ ગયું. ડૉ. નિકલસને હાથ છોડી દીધા. મહાપ્રયાણની ક્ષણ આવી પહોંચી હતી. પ્રાણ ઊર્ધ્વગતિ કરી રહ્યો હતો. મેં શ્રીગુરુદેવના હાથ પકડી લીધા.

શ્રીગુરુદેવ શરૂ શરૂમાં જે શાંભવી મુદ્રામાં જોયા કરતા હતા તે જ મુદ્રા તે સમયે ફરીથી જોવા મળી. તે જ કૃપાદષ્ટિથી તેમણે પ્રેમી ભક્તો તરફ ચારેબાજુ જોયું અને પછી દૃષ્ટિને ઉપર ખેંચી લીધી. તેમની ભ્રૂકુટિ, બે ભમ્મરોની વચ્ચે સુષુમ્ણા નાડી ફરકી જેમાં ખૂબ જ સુંદર ઉદ્‌ગીય શબ્દ સંભળાયો ને તે સાથે જ પ્રાણ બ્રહ્માંડમાં વિલીન થઈ ગયા. મારા મુખમાંથી ગુરુદેવ શબ્દ નીકળી ગયો ને મારું મસ્તક ગુરુદેવની છાતી પર ઢળી પડ્યું. તે જ સમયે ચીમનલાલ પારેખે મારી પીઠ પર હાથ મૂકીને કહ્યું :- 'મુક્તાનંદ સ્વામી ! આ તમારા માટે રોવાનો સમય છે શું ! તે સાંભળતાં જ હું ઊભો થઈ ગયો. જે બનાવ બન્યો હતો તેનો ખ્યાલ ત્યાં ઊભેલા લોકોને પાછળથી આવ્યો. ભક્તોના દેખતાં દેખતાં જ શ્રીગુરુદેવનું શ્રીઅંગ શાંત થઈ ગયું.

શ્રીગુરુદેવના શ્રીઅંગને ઉત્તરાભિમુખ કરીને જે આરામ ખુરશીમાં તેઓ હંમેશાં બિરાજતા હતા, તેમાં જ પદ્માસનમાં બિરાજતા કરવામાં આવ્યા. ભક્તોનાં દર્શન માટે ૪૮ કલાક સુધી ત્યાં જ રાખવાનો નિશ્ચય કરવામાં આવ્યો. શ્રીગુરુદેવનું અંગ ન તો ક્ષીણ થયું કે ન તો કાંતિ બદલાઈ. કોઈ વિકાર કે વિકૃતિ પ્રગટ ન થયાં. કેટલાકને તો એ દેહમાં પ્રાણ હોવાનો આભાસ થયો. આયુર્વેદના મોટા આચાર્ય શ્રી નારાયણ જોષી સંદેહમાં પડી ગયા અને કહેવા લાગ્યા કે 'મારે તેમની નાડી જોવી છે'.

શ્રીગુરુદેવનાં અંતિમ દર્શન માટે લોકોની કતારો થવા લાગી. ભજનકીર્તન, અહોરાત નામધૂન થવા લાગ્યાં. લોકોના ચિત્ત શોકાકુલ બની વેદનામાં ડૂબ્યાં હતાં. બે દિવસ સુધી લોકોનાં પૂર ઊમટ્યાં. હોટલો-ભોજનાલયોમાં અન્ન પણ ખૂટી પડ્યાં. લોકોને સડકો, ગલીઓ ને રસ્તાઓ ઉપર મુકામ નાખવો પડ્યો, જાણે પ્રયાગના કુંભમેળાની ભીડ જામી ગઈ.

છેવટે ગુરુવારનો એ દિવસ આવ્યો. શ્રીગુરુદેવના શ્રીઅંગને બ્રાહ્મમુહૂર્તમાં મંગલ ઘોષ સાથે વિધિવિધાનપૂર્વક મંગલસ્નાન કરાવ્યું. પુષ્પોથી સજાવેલી-જીપ ગાડીમાં એ શ્રીઅંગને પધરાવવામાં આવ્યું. **'ૐ નમો ભગવતે નિત્યાનંદાય'** એ ધૂન સાથે અંતિમ યાત્રા શરૂ થઈ. ભાવિકોનાં નેત્રજળ સાથે ભળીને આકાશમાંની જલવૃષ્ટિએ રાજમાર્ગ ધોઈ નાખ્યો. સમાધિ સ્થાનનું ભૂમિપૂજન કરાયું. કપૂર, ચંદન વગેરે મંગલ દ્રવ્યો અને સુવર્ણ તથા નવરત્નો જેમાં મૂકવામાં આવ્યાં હતાં તેવા મૃગચર્મની બેઠક પર શ્રીગુરુદેવનું શ્રીઅંગ પધરાવવામાં આવ્યું.

શ્રીગુરુદેવના આ સમાધિસ્થાન પર એક સુંદર ને શિલ્પકલાના નમૂનાસમા મંદિરનું નિર્માણ થયું છે, જે અનેક ભક્તો માટે તીર્થસ્થાનરૂપ બની ગયું છે.

શ્રીગુરુદેવ કાળાતીત હતા. તેઓ ક્યાંય ગયા નથી. તેની પ્રતીતિ ખુદ ગુરુદેવ પોતે જ કેટલાય ભક્તોને જુદી જુદી રીતે કરાવી રહ્યા છે. શ્રીગુરુદેવનું કાર્ય વધારે જોરશોરથી ચાલી રહ્યું છે. તેમનો પ્રભાવ સ્થાયી અને શાશ્વત છે. હવે તો વીજળી આવી ગઈ છે. રાજ્ય સરકારે હોલીડે કેમ્પ બનાવ્યો છે. હાઈસ્કૂલ શરૂ કરી છે. પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે વસેલી ગણેશપુરી ધરતી પરનું સ્વર્ગનું દૃશ્ય ખડું કરે છે.

ૐ નમો ભગવતે નિત્યાનંદાય. ❑

# (૧૦) અમારા સંસારમાં તમને પ્રેમભર્યાં નિમંત્રણ છે.

- શ્રીમોટા

સંસાર એ તો ભ્રમણા છે. જ્યાં સાચો પ્રેમ નથી, સાચી લાગણી જાણવાની કદર નથી, જ્યાં સાચો વ્યવહાર નથી, જ્યાં નિર્મળ ભાવના જોવાની દરકાર નથી, જ્યાં અનેક જાતના સંકોચ છે, રાગદ્વેષ છે, અદેખાઈ છે, ઈર્ષ્યા છે એને હું સંસાર કહેતો જ નથી. એવા સંસાર કરતાં તો ક્યાંય કોઈ એકાંત સ્થળે પર્વતની ગુફામાં કે કોઈ ભગવાનના ભાવની જેમ સતત વહેતી નદીના કિનારે જંગલમાં પડ્યા રહેવું એ જ હું તો ઉત્તમ માનું.

**જે સંસારને ઉત્તમ જોવા માટે આંખ નથી, સાચા માણસોની કિંમત જાણવાની પરખ નથી, નિઃસ્વાર્થ ભાવનાની જેને કદર નથી, શુદ્ધ પ્રેમ શું તેની કલ્પના સરખીયે નથી, ને જે સંસાર જે કોઈ સાચે રસ્તે જવાને મથતું હોય છે તેને પહેલાં તો નિરુત્સાહ જ બનાવે છે એવા સંસારને તો શું બાળવો હતો ?** એવા સંસારને તો ભગવાન આગ લગાડો. એવો સંસાર અમારા સ્વપ્નામાંય ના આવો. એવા સંસારને દિલમાં રાખવાનો હજુ તમને મોહ હોય તો ભગવાન તમારો એ મોહ ટળાવો. તમારો એ મોહ જેટલો વહેલો ટળશે એટલા તમો ભ્રમણામાંથી વહેલા ઊગરી જશો.

જે સંસારે મીરાંબાઈને દુઃખ દીધું, જે સંસારે નરસિંહ મહેતાને  હેરાન કર્યા, જે સંસારે પ્રહ્લાદ અને ધ્રુવને ઓળખ્યા નહિ અને જે સંસાર બીજા અનેક સંતપુરુષ અને સત્યને અનુસરનારાઓને સહન ન કરી શક્યો ને ન ઓળખી શક્યો એને સંસાર કહેવો એ જ ભ્રમણા છે. જોકે એવા સંસારનાં દુઃખો અને આઘાતો તે તે સંતપુરુષને તો કલ્યાણરૂપે જ નીવડ્યાં છે. ઉપર જણાવ્યો છે તે સંસાર એ તો આપણને ભ્રમણામાં પૂરી રાખવાનું એક પિંજર છે. તમારે એવી ભ્રમણામાં પડી રહેવું છે ? ને કેદ બની રહેવું છે ? જો એવી ભ્રમણામાં પડી રહેવું હોય ને કેદ બની રહેવું હોય તો અમારી સૌને છૂટ છે. તમે તમારે ભલે ત્યાં મહાલ્યા કરો અને એમાં આનંદ ભોગવો. તમારી સંસારની માયા બીજા કોઈને વળગાડશો નહિ.

તમારે તો સંસારમાંયે રહેવું છે ને બીજાને પણ તેમાં રાખવા છે, એ બે વાત બનવાની નથી. તમે તમારે રસ્તે રહો અને અમને અમારા રસ્તે રહેવા દો ને તેમ કરવા છતાં આપણે એકબીજા પ્રત્યે ઉદાર વૃત્તિ રાખીએ, ખૂબ પ્રેમ કર્યા કરીએ, ખૂબ નિખાલસ અંતઃકરણથી રહ્યા કરીએ, ને એકબીજા પ્રત્યે ખૂબ શ્રદ્ધા અને વિશ્વાસ રાખીએ. આનો અર્થ એમ નથી કે અમારે સંસાર નથી જોઈતો.

અમારે સંસાર જોઈએ છે પણ એ સંસાર તમો માનો છો તેનાથી જુદો છે. અદેખાઈ અને ઈર્ષ્યા પણ નથી, ક્યાંયે કશો સંતાપ નથી, કોઈનું કશું લૂંટી લેવાનું નથી, અભિમાન નથી તેમ જ દિલમાં કશા સંકોચ સંગ્રહવાના નથી. અમારો સંસાર એ તો પ્રેમથી મસ્ત થયેલા ફકીરોનો અખાડો છે. એ સંસારમાં સંપ છે, જંપ છે. ભારોભાર પ્રેમ છે, એકબીજાને માટે સહન કરવાની તાકાત છે. ત્યાં શુદ્ધ ભાવના છે, ત્યાં તમન્નાનાં પૂર છે, લાગણીઓના સમુદ્ર છે, શ્રદ્ધાનું આકાશ ચારેકોર છાયા કરીને ઠંડક આપતું પ્રસરેલું છે, વિશ્વાસનો સુખ અને આનંદ આપતો ત્યાં મહેલ છે. કશી કોઈ વાતની ત્યાં ગડભાંજ નથી, વહેમને ત્યાં સ્થાન જ નથી, કૃપાનો વરસાદ વર્ષ્યા કરે છે. એ સંસારનો લહાવો લેતાં લેતાં જગતમાં કોઈ ધરાતું નથી અને ધરાયું નથી. **એવા અમારા સંસારમાં**

**તમારે જો આવવું હોય તો મારા તમને પ્રેમભર્યાં નિમંત્રણ છે.** બાકી જો હજુયે સંસાર પ્રત્યેની તમારી ભ્રમણાઓ ભાંગી ના હોય તો એ તમારો સંસાર તમને મુબારક હો. જે સંસારમાં રહીને પળેપળ પતન થયા કરતું હોય, રાગદ્વેષ, ઈર્ષ્યા વગેરે વધતાં જતાં હોય, અનેક ઝઘડાનાં મૂળને સંઘરતાં રહેતાં હોઈએ, ત્યાં કદીયે શાંતિ મળતી નથી. મને તો સમજાતું નથી કે લોકોને એવા સંસારમાં રસ કેમ આવતો હશે ? જો આપણે છાણના જ કીડા રહેવું હોય તો આપણા માટે બીજો કોઈ પ્રશ્ન ઉદ્‌ભવતો નથી. આપણે એમાં ભલે રાચ્યાં કરીએ, પણ જે કોઈ બીજું એમાંથી મુક્ત થતું હોય તેને વધાવી લઈએ. આપણે જે નથી કરી શક્યાં તે બીજુ કોઈ કરી શક્યું છે એમ માનીને એનાં પ્રત્યે આદર વધારીએ, તેને આપણે સતત મદદ કર્યા કરીએ, હૃદયનો પ્રેમ દઈએ, એવાંને ક્યાંય આડા ના આવીએ - એટલું તો જરૂર વિચારીએ. ❑

'સંત હૃદય', પ્ર. આ. માંથી સાભાર

પ્રેષક : ડૉ. મનસુખભાઈ પટેલ, સુરત

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન-ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | શાંતિભાઈ એન. પટેલ (જ્ઞાનદાન) | અમદાવાદ | ૧૫,૦૦૦/- |
| ૨. | શ્રીમતી વિમળાબહેન શાંતિભાઈ પટેલ | અમદાવાદ | ૧૫,૦૦૦/- |
| ૩. | પૂજ્ય શ્રીમોટાના ૭૫મા સાક્ષાતકારદિન સમૂહ અમૃત મહોત્સવ સમિતિ વતી કન્વીનર શ્રી ક્રિષ્ણકાંત છત્રપતિ-'હરિભાવ'ના આજીવન લવાજમમાં ૧૦૦ સભ્યો માટે રૂ. ૧૦૦/- ની રાહતનો સહયોગ | સુરત | ૧૦,૦૦૦/- |
| ૪. | સદ્‌ગત હસુમતી મહિપાલ દલાલના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી | અમદાવાદ | ૨૫,૦૦/- |
| ૫. | જગદીશભાઈ ચંદુભાઈ મારફતીયા | મુંબઈ | ૨૫,૦૦/- |
| ૬. | શશિકાંત છોટાલાલ શાહ | અમદાવાદ | ૨,૧૦૦/- |
| ૭. | સદ્‌ગત માતુશ્રી પુષ્પાબહેન દલાલની પુણ્યતિથિ નિમિત્તે હસ્તે લતાબહેન અનિલભાઈ શાહ | મુંબઈ | ૨,૧૦૦/- |
| ૮. | એક સેવક | અમદાવાદ | ૧૦૦૧/- |
| ૯. | પ્રપૌત્રી ચિ. મીક્ષાના જન્મદિન નિમિત્તે હસ્તે શિવલાલ આર. કાચવાલા | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૦. | પુત્ર શ્રી રોનક (હાલ લંડન)ના જન્મદિન (૨૭/૬) નિમિત્તે હસ્તે જ્યોતીન્દ્ર જે. મહેતા | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૧. | ઠાકોરદાસ છોટાલાલ લાપસીવાલા, જન્મદિન નિમિત્તે | સુરત | ૫૦૦/- |
| ૧૨. | નયનાબહેન / કલ્પનાબહેન / નિકુંજબહેન ભાવસાર | અમદાવાદ | ૩૦૩/- |
| ૧૩. | જગદીશકુમાર અમૃતલાલ શાહ, જન્મદિન (૧/૫) નિમિત્તે | અમદાવાદ | ૨૫૧/- |
| ૧૪. | પારૂલબહેન કે. અધ્વર્યુ | અમદાવાદ | ૨૦૨/- |

આ સર્વના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આ ઉપરાંત, પૂજ્ય શ્રીમોટાના ૭૫મા સાક્ષાત્કારદિનના સુરત ખાતેના ૨૦/૪ અને ૨૧/૪ના ઉત્સવ સમયે જેઓએ 'હરિવાણી ટ્રસ્ટ'ને ભેટ આપી છે, તે પાવતીઓની ઝેરોક્ષ નકલ માટે વિનંતી ગત અંકમાં કરાઈ છે. તેઓશ્રીનો ઉલ્લેખ આ યાદીમાં બાકી રહે છે. - સંપાદક

## (૧૧) શ્રીમોટાએ મારા પિતાજીનો હેડકીનો રોગ હર્યો હતો. -પ્રવીણ મોહનલાલ દેસાઈ

શ્રીમોટા દ્વારા હરિઃૐ આશ્રમ, સુરતનું જે ખાતમુહૂર્ત તા. ૨૩-૪-૧૯૫૬ના રોજ થયું તેના ફોટાઓ 'હરિભાવ'ના ટાઈટલ પેજ ઉપર અગાઉ પ્રકાશિત થયા છે. તે જોતાંની સાથે જ તે સ્થળે પૂજ્ય શ્રીમોટાની બાજુમાં મારા સદ્ગત પિતાશ્રી મોહનલાલ દેસાઈ બેઠેલા હતા તે જોઈને પૂજ્ય શ્રીમોટા સાથેનાં મારાં કેટલાંક સંસ્મરણો તાજાં થયેલાં. ઉપરાંત, આવાં સંસ્મરણો લખી મોકલવા માટે વખતો વખત 'હરિભાવ'માં જણાવાય છે. એટલે મને જે પ્રસંગો યાદ આવ્યા છે, તે કોઈ અતિશયોક્તિ કર્યા વિના લખ્યા છે.

મારા પિતાશ્રી વ્યવસાયે વૈદ્ય હતા અને રાંદેર ગામની ધાર્મિક પ્રવૃત્તિઓમાં તથા સમાજ સેવામાં સંકળાયેલા હતા. સુરત આશ્રમના ઉપરોક્ત ખાતમુહૂર્તના ફોટામાં રાંદેરના હીરાભાઈ સોની અને શ્રી નારૂશંકર ભટ્ટનો પણ સમાવેશ થયેલો છે.

સને ૧૯૫૮માં તાપી મૈયામાં મોટી રેલ આવી હતી. એ વખતે શ્રીમોટાએ મારા પિતા પાસેથી રૂ. ૫૦૦૦/- અંકે પાંચહજાર મંગાવ્યા હતા. જે તેઓએ મોકલાવ્યા હતા. થોડા દિવસો બાદ શ્રીમોટાએ એ રકમ પૂરેપૂરી અમારા પિતાજીને પરત કરી હતી, પણ મારા પિતાજીએ કહેલું કે એક વખત ધર્માદામાં પૈસા આપ્યા પછી પાછા ન લેવાય. શ્રીમોટાએ સ્પષ્ટતા કરી હતી કે બીજા સ્નેહીના પૈસા એ નિમિત્તે આવવાના હતા તે આવેલા નહિ એટલે મંગાવેલા. હવે એ રકમ આવી ગઈ છે. એટલે પાછા મોકલ્યા છે. તાપી નદીની રેલમાં આશ્રમ પાસેના કુરુક્ષેત્રના ઓવારામાં ખૂબ જ મોટો અને ઊંડો ખાડો પડી ગયેલો હતો. તેને પુરાવી તેની દુરસ્તીમાં એ રકમ શ્રીમોટાએ અને મારા પિતાજીએ ઉપયોગમાં લીધી હતી.

સને ૧૯૬૧માં મારા પિતાશ્રીને ખૂબ જ હેડકી આવતી હતી. આખો દિવસ હેડકી આવ્યા જ કરે. રાત્રે ઊંઘે તેટલો સમય તે બંધ રહેતી હતી. સુરતના તે સમયના પ્રતિષ્ઠિત ડૉક્ટરો, વૈદ્યોની દવા કરેલી. છેવટે ભૂવાની દવા પણ કરી હતી. કોઈએ સિગારેટ પીવાની સલાહ આપેલી, તે પણ કરી જોયેલું. પણ હેડકી મટતી જ ન હતી. એક દિવસ કંટાળીને રાંદેરના હીરાલાલ સોનીની ઘોડાગાડીમાં બેસીને તેઓ આશ્રમમાં ગયા અને પૂજ્ય શ્રીમોટાને હેડકીની તકલીફની વાત કરી. તે પછી તેઓ ઘેર પાછા આવ્યા. ત્યારે હેડકી બંધ થઈ ગઈ હતી. તે પછી ફરીથી ક્યારેય એ તકલીફ ઊભી થઈ ન હતી. આ અનુભવ અમારા કુટુંબ માટે મોટા ચમત્કાર જેવો હતો.

અમારા પિતાશ્રી તે પછી તેમના કાકા-ભત્રીજાની મિલકતના ઝઘડાનું નિરાકરણ લાવવા માટે કલકત્તા ગયા હતા. પૂજ્ય શ્રીમોટાને કહ્યા વિના કે રજા લીધા વિના ગયા હતા. મારે જ્યારે શ્રીમોટાને મળવાનું થયું ત્યારે તેઓને મેં વિગત જણાવી હતી. તે વખતે તેઓ મારા ઉપર ગુસ્સે થઈ ગયા અને મને કહ્યું કે તેમની નાદુરસ્ત તબિયત હોવા છતાં મને પૂછ્યા વગર કેમ ગયા ? તેઓને અઠવાડિયામાં જ પાછા બોલાવી લો. પણ કલકત્તાનો કોર્ટનો ઝઘડો લાંબો ચાલ્યો એટલે પિતાજી સુરત પાછા આવે તે પહેલાં જ તેઓનો ત્યાં દેહાંત થયો હતો, ત્યારે મને સમજાયું કે શ્રીમોટા શા માટે ગુસ્સે થયા હતા અને અઠવાડિયામાં જ પાછા બોલાવી લેવાનું પણ શા માટે કહેતા હતા.

શ્રીમોટાને જ્યારે અમારા પિતાજીના કલકત્તામાં જ દેહાંત થયાની જાણ કરી ત્યારે આવા સ્વજન અને પરોપકારી વ્યક્તિ લાખોમાંય જોયેલ નથી એવા શબ્દો શ્રીમોટાએ કહ્યા હતા. હરિઃૐ ❑

## (૧૨) 'સંકલ્પશુદ્ધિ' : એક મહાન સાધના

-શ્રીમોટા

તા. ૮-૧૧-૧૯૪૦

દૂધમાં ભળેલી સાકર જેમ એના અણુઅણુમાં ફેલાઈ જાય છે, માટીની ઉપર પડેલાં પાણીનાં ટીપાં પણ એનાં રજકણોમાં પ્રસરી જાય છે, પાણીમાં પડેલું મીઠું જેમ એનામાં પ્રસરી ગયા વિના રહેતું નથી, વીજળીનો આંચકો ગમે ત્યાં લાગવા છતાં જેમ શરીરમાં બધે ફરી વળે છે, આ બધાંને ફેલાતાં જેમ કોઈ બળ અટકાવી શકતું નથી અને આકાશમાંની વીજળી જેમ અનંત સુધી પ્રસરી જાય છે, ત્યાં થયેલી ગાજવીજની અસર જેમ બધે જ ફેલાય છે તે જ રીતે આપણા વિચારોની અસર, આપણી વાસનાઓની અસર પણ આપણામાં તો બધે ફેલાય છે જ, તેમ બીજે પણ ફેલાય છે. આમ, આપણા વિચારો આપણને તેમ જ વિશ્વને ઘડતા હોય છે. જાણેઅજાણે પણ આપણું આચરણ ગમે તેટલું સારું હોય, તોપણ તે આપણે માટે બસ નથી. **આચાર ઉપર તો પરિસ્થિતિનો પણ કાબૂ હોઈ શકે છે.** અમુક સ્થિતિમાં આપણે મુકાયેલા હોઈએ ત્યાં અમુક રીતે જ વર્તવાનું બનતું હોવાથી ત્યાં અન્યથા વર્તવાનું શક્ય નથી.

કોઈ પણ વિચાર કે લાગણી સંકલ્પ વિના ઊઠવી સંભવિત નથી, એટલે આપણું કામ તો સંકલ્પશુદ્ધિનું છે. **સંકલ્પશુદ્ધિ એ પણ આપણી એક મહાન સાધના છે.** એ શુદ્ધિ જેટલે અંશે સધાઈ એટલે અંશે સર્વ કંઈ સધાયું માનવાનું છે. તે ત્યારે જ સધાશે કે જ્યારે આપણે એકમાં જ, માત્ર એકમાં જ રસ ધરાવ્યા કરીશું, અને એના જ વિચારો કર્યા કરતા હોઈશું, ત્યારે બીજા વિચારો આવતા હશે પણ એમાં આપણો રસ ના હોવાથી તેઓ એ મનની ભૂમિકામાં ભૂસાય નહિ એવાં પગલાં પાડી શકશે નહિ.

સંકલ્પશુદ્ધિ માત્ર વિચાર અટકાવ્યાથી થવી શક્ય નથી, કારણ કે જ્યાં સુધી આપણામાં સંસ્કાર પડેલા છે, ત્યાં લગી સંકલ્પશુદ્ધિ થવી શક્ય નથી, સંસ્કાર પણ ત્યારે જ નષ્ટ પામશે કે જ્યારે આપણે કશામાં એકરાગ-તલ્લીન થઈ ગયા હોઈશું. જેમ કોઈ ગંભીર અને ભયંકર નસ્તર કરતી વખતે સર્જન એકચિત્ત હોય છે અને કંઈ પણ વચમાં અડચણ ના થાય તેની, પહેલેથી તૈયારી કરી રાખે છે. જેમ કે ઑપરેશન દરમિયાન વચ્ચે વચ્ચે જે જોઈતું હોય છે તે પૂર્વ તૈયારીના કારણે મળ્યા કરે છે. વળી, વચ્ચે જરા પણ અડચણ કે ખલેલ પડે, તો એને કંઈનું કંઈ થઈ જાય છે અને આખું વાતાવરણ પણ ત્યારે ગંભીર અને ભારે થઈ જાય છે, તેમ આપણે આપણાં કામમાં થવું પડશે.

આપણે આપણું વલોવણ કર્યા કરવાનું છે ખરું, પણ તેમાં હાંફળાંફાંફળાં કે અસ્વસ્થ થયા વિના. જેમ કોઈ બીજાના ગુણઅવગુણો વિશે માનસ-શાસ્ત્રીય દૃષ્ટિએ વિચાર કરીને તેનું પૃથક્કરણ આપણે કરીએ છીએ તેમ આપણે આપણું પણ કરવાનું છે. ત્યારે જેમ આપણને કશી લેવાદેવા રહેતી નથી તેમ આમાં આપણે લેવાદેવા રાખવાની નથી, તેમ છતાં પાછો સ્વાર્થ રાખવાનો છે. જે પરિણામ આવ્યા કરે કે જણાતું રહે તેમાંથી આપણને વેગ મળે એવો સુધારોવધારો કર્યા કરવાનો છે.

આપણને પ્રેમીને માટે સર્વસ્વનો ત્યાગ કરવામાં આનંદ આવે છે અને આખરે તો એમાં ત્યાગની ભાવના પણ નથી રહેતી. ભગવાનના ભાવ માટે પણ આપણે એવી વૃત્તિ-એવો ભાવ-કેળવવાનો છે. આપણે તો માત્ર ભગવાનના પ્રેમ ખાતર-એ પ્રેમમાં લય પામવા ખાતર જ-તેમ કરવાનું છે. ❑

'જીવન પગથી', ચોથી આ., પૃ.૩૯

## (૧૩) મૌનાર્થીનું નિવેદન

-મૌનાર્થી

### (૧) ગીતાબહેન બાલુભાઈ ઠોરીયા

પૂજ્ય શ્રીમોટા, ભગવાનની કૃપાથી મૌનરૂમમાં ઘણો જ આનંદ થયો. જે કાંઈ ધ્યેય હતું તે પ્રમાણેનું વાંચન, લેખન વગેરે થઈ શક્યું છે. મેં જે વાંચ્યું છે તેમાંથી થોડુંક નીચે જણાવું છું :-

'નમસ્તે નમસ્તે તપોયોગગમ્ય'

ભગવાન તને નમસ્કાર છે. તું બે જ વાતોથી મળી શકે છે. એક તપ અને બીજો યોગ. આ બેથી જ તું ગમ્ય છે. બાકી બીજી કોઈ વાતથી તું મળી શકે નહિ. વખાણથી કે કૃપાથી કરીને પણ મળે નહિ. ઓચિંતા એકદમ અકસ્માતથી ભગવાન દેખાય તેમ બની શકે નહિ. ભગવાનને મળવું હોય, જોવા હોય તો રીતસર પદ્ધતિથી જવું જોઈએ. બધી પરીક્ષાઓ આપીને જવું પડશે. પ્રત્યેક પરીક્ષામાં પાસ થવું જોઈએ.

માણસનો જન્મ મળ્યા પછી કેટલાક પેપર આપવા જ પડે છે. કંગાલિયતનું પણ પેપર આપવું પડશે. કંગાલ સ્થિતિમાં તમે કેવી રીતના રહ્યા, તમારું મન કેવી રીતનું રહ્યું. તમારી સ્થિતિ કેવી રીતની રહી. તમે ભગવાનને કેટલી વખત ગાળો આપી ? ત્યાર પછી એક વૈભવનું પેપર આપવું પડે. ખૂબ પૈસા મળે, તમે કરોડાધિપતિ થઈ જાઓ, એકદમ તે વખતે તમારી સ્થિતિ કેવી રીતની રહી ? પછી ભગવાન તમને મોટા અધિકારી બનાવે તે વખતે તમારા મનની સ્થિતિ કેવી રહી ? તમને પુષ્કળ વિદ્યા મળશે તે વખતે તમે બુદ્ધિવાદી બની બુદ્ધિથી ઉત્પાત કરશો ? ત્યાર પછી નમસ્કારનું પેપર. લોકો તમને નમસ્કાર કરતા થશે. લોકો કહેશે આ માણસ બહુ પવિત્ર છે. આવી વિવિધ પ્રકારની ચડતી શ્રેણી ભગવાન આપશે. તેમાંથી પસાર થવું પડશે. તેમાં કેવી રીતના રહ્યા તે ભગવાન જોશે. આ બધી પરીક્ષાઓ આપીને જ ભગવાન પાસે જવાય. ભગવાન તો તપોયોગગમ્ય છે. તપ અને યોગ આ બે વાતોથી જ ભગવાન મળે છે.

તપ એટલે ઘસાઈ જવું. ભગવાનનાં કામને માટે ઘસાઈ જવું. તપનો બીજો અર્થ છે. 'એકલા બેસવું.' એકલા બેસવું એ બહુ મોટો અને કઠણ અભ્યાસ છે. ભગવાન પાસે માગવાનું હોય તો તે એકલા હોય ત્યારે જ મગાય. અનંત વાસનાઓ લઈને ભગવાન પાસે જવાય નહિ અને જઈએ તો મગાય નહિ. માગવાનું પણ એક શાસ્ત્ર છે. જેની પાસે માગવાનું છે તે એકલો હોવો જોઈએ. અને જેણે માગવાનું છે તે પણ એકલો હોવો જોઈએ. ભગવાન તો એકલા જ છે. એમના પાસે બીજો કોઈ છે નહિ. સાધકે એકલા જ બેસવાનું આનું નામ જ 'તપ'.

એકલા બેસવું એટલે શું ? બારી બારણાં બંધ કરીને બેસવાનું ? એટલે શું એકલા બેઠા એમ કહેવાય ? ના, તે વખતે ભૂતકાળ બધો જ યાદ આવે, આપણે સવારે અર્ધો કલાક ધ્યાનમાં બેસતા હોઈશું, તો ખબર હશે કે મગજમાં કેટલી વાતો ચાલી રહી છે ! આ તો આપણો રોજનો અનુભવ છે. માણસ એકલો રહી જ શકતો નથી. એકલો પડ્યો એટલે હજારો વાતો મનમાં આવે - ભૂતકાળ ધ્યાનમાં આવે, કાં તો ભવિષ્યકાળનાં સ્વપ્નાં ધ્યાનમાં આવે અને કાં તો વર્તમાન કાળની ચકલી જ દેખાય. આ ત્રણમાં ક્યાંક ને ક્યાંક માણસ ફરતો હોય. એકલા બેસી જ શકાતુ નથી. જો કદાપિ આ ત્રણે ત્રણ વાતો જાય તો છેવટે ઝોકું આવી જાય. તેથી એકલા બેસવું બહુ કઠણ છે. એકલા બેસવાનો અભ્યાસ તેનું નામ જ તપ કહેવાય.

ઘસાઈ જવું એ બાહ્ય તપ છે. અને એકલા

બેસવું એ આંતરિક તપ છે. બે પ્રકારના તપ છે. એટલે તપ અને યોગથી મનને ભગવાન જોડે જોડી દેવાનું છે. તપ એટલે ઘસાઈ જવું, અંતસ્થ થઈને એકલા બેસવું, આ બે વાતથી ભગવાન મળે.

### (૨) મીનાક્ષી પ્રભાકર ચેવલી

પરમ પૂજ્ય મોટા, જે આ હરિઃૐ આશ્રમની સ્થાપના કરી ગયા છે એ એક આશ્રમ નથી પણ તમારા અને મારા જેવા સાધકો માટેની સ્વર્ગની સીડી બનાવી ગયા છે.

હું કાશ્મીર તો ગઈ નથી પણ ગયેલા લોકો પાસે મેં સાંભળેલું છે કે તે ભારતનું સ્વર્ગ કહેવાય પણ તે ભારતના સ્વર્ગને તો બધા વાદ લાગી ગયા છે, આતંકવાદ, કોમવાદ જ્ઞાતિવાદ આ બધા લાગેલા છે. પણ આ મોટાનો મૌન આશ્રમ તેની બિલકુલ સાફસૂફી, કાર્ય કુશળતાને લીધે અંદર બેઠેલા મૌન સાધકોને માટે તો એક સ્વર્ગ જેવો જ લાગે છે, અને આ બધો યશ અહીં રહેતા અને જે કાર્યકર્તાઓ છે તેને ફાળે જ જાય છે, કારણ કે અહીંની જે સ્વચ્છ કામગીરી છે તે આ લોકો જ નિભાવી શકે. માટે હું અહીંના દરેક કાર્યકર્તા અને સેવા બજાવવાવાળાને દિલથી વંદન કરું છું, કારણ કે મોટાને વંદન કર્યા પછીનો નંબર અહીં જે સેવા આપતા હોય તેનો જ આવે. હું દિલથી દરેકનો આભાર માનું છું. અને આ મૌન આશ્રમનો રસ્તો બતાડનાર મારો પોતાનો જ દીકરો છે એટલે આ દીકરો મારે માટે તો મારો ગુરુ જ કહેવાય.

મને એક તદ્દન બની ગયેલો કિસ્સો યાદ આવ્યો તે હું અહીં લખી જણાવું છું. આ સુરતના મૌન આશ્રમનો જ બનેલો કિસ્સો છે.

મારા આગળના નિવેદનમાં મેં એક ઈશ્વરભાઈ પટેલનો કિસ્સો લખેલો જે ઈશ્વરભાઈ મોટાને પોતાના ગુરુ ગણતા હતા અને મોટાએ તેમને એટલે ઈશ્વરભાઈને છેલ્લી અવસ્થામાં પોતાનાં દર્શન આપ્યાં હતાં તે ઈશ્વરભાઈ મોટા પાસે કેવી રીતે પહોંચ્યા તે જાણવા જેવું છે.

ઈશ્વરભાઈ પટેલ, વણેસા ગામમાં રહેતા હતા. તે વણેસામાં એક દાદા રહેતા હતા. તે દાદા મોટાને ગુરુ માનતા હતા અને ગામમાં આખો દિવસ મોટાની જ વાતો કરતા ફરતા. એટલે એક દિવસ  ઈશ્વરભાઈને વિચાર આવ્યો કે આ દાદાના મોટાને મળવા સુરત જવું પડશે. હવે વાત તો એ છે કે આ ઈશ્વરભાઈને એક ખોટી આદત હતી. ઘરમાં ભાત બનાવ્યો હોય અને જો તે ભાત શીરા જેવો બની ગયો તો ભાતની થાળી છુટ્ટી તેમની પત્ની ઉપર ફેંકતા. તેમને ભાત બિલકુલ છુટ્ટો દાણો જોઈએ. એટલે એમનાં પત્ની ભાત બનાવે ત્યારે બહુ ગભરાતાં અને જ્યાં સુધી ભાત બની ન જાય ત્યાં સુધી ત્યાંથી ખસતાં નહિ. આ વાત મને એમની છોકરીએ જ કરેલી. પેલા દાદા અને ઈશ્વરભાઈ સુરત મૌન આશ્રમ ઉપર આવ્યા એટલે મોટાએ એમને પ્રેમથી બેસાડ્યા અને ભોજન લેવા માટે આગ્રહ કર્યો, દાદા અને ઈશ્વરભાઈ તો બેઠા અને  થોડી સત્સંગની વાતો કરી અને પછી સમય થયો  એટલે ભોજનની થાળી આવી પણ ભોજનની થાળીમાં પેલો શીરા જેવો ભાત હતો. મોટા પોતે પણ સાથે જ ભોજન લેવા બેઠા હતા. એટલે મલક મલક હસતાં મોટાએ ઈશ્વરભાઈને પૂછ્યુ, 'ભગત ભોજન કેમ છે'. બિચારા પટેલ તો મૂંગે મોઢે નીચી મૂડી રાખીને જ બોલ્યા, 'બહુ સરસ બહુ સરસ'. શું બોલે ? પણ મોટાને બરાબર પામી ગયા અને તે દિવસે થાળી ઉપર બેસીને જ પોતાના ગુરુ બનાવી દીધા. અને એવા ગુરુ બનાવ્યા કે છેલ્લે ગુરુને છેક અમેરિકા સુધી જઈને અંતિમ ઘડીએ દર્શન આપ્યાં હતાં.

મોટાની આજ્ઞાઓનું અને મોટાના વિચારોનું પાલન પણ કરવું પડશે. ❑



મારો ધર્મ જ સાચો અને બીજાનો ધર્મ ખોટો એવી માન્યતા સારી નહિ. ઈશ્વર એક જ છે, બે નથી. લોકો જુદાં જુદાં નામે ઈશ્વરને બોલાવે છે. જેમ કે 'ગૉડ, અલ્લા, કૃષ્ણ, શિવ, બ્રહ્મા' વગેરે વગેરે.

જેટલા મત તેટલા માર્ગ. બધા માર્ગ ઈશ્વર તરફ લઈ જાય છે. જુદી જુદી દિશાઓમાંથી આવીને બધી નદીઓ સાગરમાં મળે છે.

- શ્રીરામકૃષ્ણ પરમહંસ

'શ્રીરામકૃષ્ણ કથામૃત', બીજું પુનર્મુદ્રણ. પૃ. ૨૫૮

**HARIBHAV JUNE - 2013**
Regd. under RNI No. 65683/96 & Permitted to Post at AHD PSO
on 10th of every month under Postal Reg. No. GAMC/1208 / 2012-2014
issued by SSP AHD valid upto 31-12-2014
Licence to Post without Perpayment of postage No. CPMG/GJ/91/2012-2014
valid upto 30-6-2014



**સ્ત્રીજીવન તો લાચારીથી ભરપૂર છે, ને તેમાંયે વિધવા તો પરમ લાચાર છે. આવું હું જ્યારે સાંભળું છું ત્યારે માનવીના પારાવાર અજ્ઞાનથી ભારે આઘાત અનુભવું છું.**

**જ્યાં શક્તિ નથી ત્યાં જ લાચારી ને પામરતા છે. જેણે ઊર્ધ્વ માર્ગે જવાનું છે, તેવા જીવે જો લાચારીની વાત કરી તો જાણવું કે એનામાં કશો આત્મવિશ્વાસ પ્રગટ્યો નથી.**

**-શ્રીમોટા**

'જીવન મંડાણ', બી. આ., પૃ. ૧૬

Printed and Published by **Prabhudas Jani,** on behalf of **' HARIWANI TRUST'**
11, Dada Rokadnath Society, Ahmedabad - 380 007,
Printed at **Sahitya Mudranalaya Pvt. Ltd.** Ahmedabad - 380 022.
Phone : 079- 25469101/2
Published at Ahmedabad. Editor : **Prabhudas Jani.**
**E-mail : harivanitrust@yahoo.com**